
# અધ્યાત્મ



વર્ષ : ૨૧ જુલાઈ–૨૦૦૦ અંક : ૧૦

## * અહંકારના રૂપો *

અહંકાર અનેક પ્રકારના કહેવાય છે. વિદ્યાના, તપના, બળના, રૂપના, પદના, પ્રતિષ્ઠાના, ધન–વૈભવ અથવા ઐશ્વર્યના, સિદ્ધિના, સત્તાના અને એવી કેટલીય વસ્તુઓના. કોઈને દેહાભિમાન તો કોઈને મિથ્યાભિમાન હોય છે. કોઈને ભક્તિનું, આત્મજ્ઞાનનું, સદુપદેશ દેવાની શક્તિનું, કથા કરવાની કળાનું, સન્યાસ, બ્રહ્મચર્ય કે લગ્ન જીવનનું, કોઈને યોગ સાધનાનું અભિમાન હોય છે. અભિમાનના મૂળ કારણરૂપે એક અથવા અનેક વસ્તુઓ રહેતી હોય તોપણ એનો કોઈ રીતે બચાવ થઈ શકે તેમ નથી. એને ગૌરવરૂપ ગણી શકાય કે એનો આશ્રય લઈ શકાય તેમ પણ નથી. એને ગુણ નહીં પરંતુ અવગુણ જ ગણવામાં આવે છે. આત્મવિકાસની દૃષ્ટિએ એ બાધક છે. કોઈ માણસ આત્મવિકાસની દિશામાં કેટલો આગળ વધ્યો છે એ જાણવું હોય તો એની નમ્રતા અથવા અહંકારરહિતતા પરથી જાણી શકાય છે. આધ્યાત્મિક વિકાસમાં જ નહીં પરંતુ જીવનના માનવીય વિકાસમાં પણ સુચારુરૂપે આગળ વધેલા માનવનું જીવન વધારે ને વધારે નમ્ર, નિખાલસ અને દંભરહિત થતું જાય છે. અહંકારી માનવો કેટલીકવાર કોઈક નાના સરખા કારણને લીધે તો કોઈકવાર કશા દેખીતા નાના કે મોટા બાહ્ય કારણ વગર જ પોતાના મનની અવિદ્યાગ્રંથિને લીધે દુઃખી થતાં હોય છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન : ૫૬૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| બાળશિબિર–ફૂલવાડી–૨૦૦૦ | કલ્યાણ | ૯ |
| પહેલું ડગલું | ડૉ. પ્રકાશ ગજ્જર | ૨૩ |
| રક્ષા કરશો રોજ તમે | યોગેશ્વરજી | ૨૮ |
| ફૂલવાડી–૨૦૦૦ | જયાબહેન પટેલ | ૩૦ |
| શ્રમયજ્ઞ–૧ | નારાયણ હ. જાની | ૪૨ |
| સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ | ડૉ. બી. જે. જાગાણી | ૫૪ |
| પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પ્રાકટ્ય-દિનની ઉજવણી | તંત્રી | ૫૮ |
| નિશ્ચિતતા | યોગેશ્વરજી | ૫૯ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૧ જુલાઇ–૨૦૦૦ અંક : ૧૦

## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૧૧–૮–૮૧, મંગળવાર, શ્રાવણ સુદ અગિયારસ, ૨૦૩૭,**
**સ્થળ : શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિર, રગ્બી, ઇંગ્લેન્ડ.**

વિદેશની ધરતી ઉપર આ ચોથો દિવસ છે. પણ જાણે ઘણાં સમયથી અહીં રહેતા હોઈએ એવું પરિચિત વાતાવરણ અનુભવવા મળે છે.

શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિરના ઉપરના ભાગમાં જે ઓરડામાં ઉતારો છે, ત્યાંની બારીમાંથી આજે સૂર્યનારાયણનો પ્રકાશ પ્રખર રીતે ઓરડામાં આવી રહ્યો છે. બારી પાસે જ એક સોફા છે. તેના ઉપર તાપમાં જ બેસી આ નોંધ લખાઈ રહી છે. ત્યારે પૂ. શ્રી દરરોજની જેમ પોતાના લેખનકાર્યમાં મગ્ન છે. તેઓશ્રી પલંગ નીચે પાથરેલા ધાબળા ઉપર બેસી પગ ઉપર ઓશીકુ મૂકી

ઓશીકા ઉપર મૂકાયેલા કાગળો ઉપર લખી રહ્યા છે.

દરરોજની જેમ શ્રી અંબાલાલભાઇ દૂધ લઇને આવે છે. તેમનાં હાથમાં દૂધ ફળોની કોથળી અને ચંદન તિલક માટેની બે નાની વાડકીઓ છે. ફળ અને દૂધ નીચે મૂકે છે. પૂ. શ્રી ને સર્વેશ્વરીને તિલક કરી ફૂલ આપી પ્રણામ કરે છે. આજે શ્રી ખુશાલભાઇ પણ સાથે છે. તેઓએ પૂ. શ્રી પાસે કપડાં ધોવાની સેવા આગ્રહ કરીને માગી છે.

પૂ. શ્રી એ બંને સંચાલકો સાથે બેત્રણ મિનિટ અગત્યની વાતો કરતાં કહે છેઃ–'જોઇએ હવે જગદંબાની જાદુઇ લાકડી ક્યાં ક્યાં ફરે છે? જ્યાં જ્યાં લખાયેલું હશે ત્યાં ત્યાં જવાનું થશે. ચિંતા કોને છે? એ જ ગોઠવશે?

આજે શ્રી અંબાલાલભાઇએ સર્વેશ્વરી પાસે યોગેશ્વરબાવની માંગી તેમની ઇચ્છા ને બાવનીની કોપી કઢાવવાની છે. તેઓ વિદાય થાય છે.

સવારે સમય પ્રમાણે સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ માળાનો નિયમ પૂરો થાય છે. દૂધ લીધા પહેલાં અને પછી પણ પૂ. શ્રી લેખનકાર્યમાં મગ્ન બની જાય છે.

આજે સાડાઅગિયાર વાગ્યે શ્રી ગણપતભાઇ એમનાં ધર્મ-પત્ની સાથે પૂ. શ્ર પાસે આવે છે. તે બેનને મંત્ર લેવો છે. એઓ પૂ. શ્રી યોગેશ્વરજીને ગુરુ માને છે. તેઓના હાથમાં પૂજાની થાળી છે. જેમાં બે ફૂલોના હાર દીવો, અગરબત્તી, કંકુ, ચોખા છે.

પૂ. શ્રી પોતાના લેખનના સ્થાનમાં નીચે જ બેઠા છે. બંને આવીને ચંદનતિલક કરી ફૂલહાર અર્પણ કરી પ્રણામ કરે છે. પૂ. શ્રી બેનને મંત્રની વિધિ બતાવે છે. અને મંત્રજપ સાથે પ્રાર્થના કરવાની પણ સૂચના આપે છે. પ્રાર્થના કઇ કરવી તે પણ પૂ. શ્રી



ગાઇ બતાવે છે. અર્થ પણ સમજાવે છે. પછી શાંતિમંત્ર બોલે છે. તે બેનને પૂ. શ્રી ત્યાં જ બેસી બે મિનિટ મંત્રજપ કરવાનું કહે છે. તે બેન જપ કરે છે. પછી પૂ. શ્રી આશીર્વાદ આપે છે.

પછી તે બેન સર્વેશ્વરીને ચંદનતિલક કરી ફૂલહાર અર્પણ કરી પ્રણામ કરે છે. અને એક સાડી ભેટ આપવા પ્રયત્ન કરે છે. સર્વેશ્વરી તેનો સાદર અસ્વિકાર કરી સમજાવીને પાછી આપી દે છે.

આજે અગિયારસ છે. દૂધ, ફળ, દહીં અને શીંગોડાના લોટના શીરાજેવી વિવિધ વાનગીમાંથી પૂ. શ્રી થોડું લે છે.

આજે પૂ. શ્રીની આજ્ઞા લઇ સર્વેશ્વરી રગ્બી શહેરમાં ફરવા માટે જાય છે. પ્રથમવાર ઇંગ્લેન્ડની યાત્રા છે. જેથી આ દેશના શહેર કેવાં હોય તે જોવું જરૂરી છે. ગાડીમાં શ્રી અંબાલાલભાઇ, ખુશાલભાઇ, મોરારભાઇ પણ સાથે છે.

રગ્બી શહેર પણ સ્વચ્છ ને નાનું છે. બજારમાં પણ ગાડીમાં જવાનું બન્યું. કોલેજ, સ્કૂલ, મ્યુનિસીપલ મકાનો, ફેક્ટરી, વગેરે-ના વ્યવસ્થિત બાંધકામ જોવા મળ્યાં. રહેવા માટેના વિભાગો પણ જુદા જ જોવા મળ્યા. માર્ગમાં શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિરની સ્થાપનાની વાતોને એક સંતની કૃપાની વાત શ્રી ખુશાલભાઇ પાસેથી જાણવા મળી.

આજે રગ્બીમાં અગિયારસ નિમિત્તે મહિલામંડળનો ભજન-નો કાર્યક્રમ મંદિરમાં હતો ત્યાં સર્વેશ્વરીને આમંત્રણ મળ્યું છે. તેથી સર્વેશ્વરી ત્રણ વાગ્યે નીચે મંદિરના હોલમાં જાય છે. મહિલામંડળે "સર્વેશ્વરી માતકી જય" બોલાવી. તે સાંભળી જરા નવાઇ લાગી પણ કોને ક્યાં કેવી શ્રદ્ધા ને ભાવના જાગે તે જાણવું મુશ્કેલ છે.

સર્વેશ્વરીનું કુમકુમ તિલક ને ફૂલહારથી સ્વાગત થયું. પછી ભજનો અને ભક્તિ ઉપર બેનોને કંઇક જ્ઞાન આપો એવી માંગણી થઇ. સર્વેશ્વરીએ કહ્યું કે ભક્તિનું જ્ઞાન આપવાની તો મારામાં યોગ્યતા નથી. પરંતુ ભજન સંભળાવીશ. બે ભજનો ગવડાવ્યાં. બાદ તે ભજન કેવી રીતે લખાયાં તે વાતો કરતાં કરતાં પ્રભુની રક્ષા અને પ્રભુની કૃપાના ત્રણેક પ્રસંગો બેનોને કહી સંભળાવ્યા. વળી બીજાં ત્રણ ભજનો ગરડાવ્યાં. હોલ બેનોથી ભરાયેલો હતો. મંદિરની આરતી થઇ. અગિયારસનું માહાત્મ્ય વંચાયું. પછી બેનોએ સર્વેશ્વરીના ભજનોનું પુસ્તક જોઇએ છે. એવી માંગણીના જવાબમાં એક જ પુસ્તક મહિલામંડળને આપી શકાશે કારણ ભારતથી પુસ્તકો લાવ્યાં નથી એમ જણાવી સર્વેશ્વરીએ એક ભજનનું પુસ્તક ભેટ આપ્યું.

ત્રણથી પાંચ સુધીના આ કાર્યક્રમમાં હાજરી આપી ઉપર જવાનું બન્યું ત્યારે પૂ. શ્રી પોતાના ફરીથી થતા સાંજના બે કલાકના લેખનમાંથી થોડીક ક્ષણો ઉપર જ નિવૃત્ત થયા હતા થોડીવાર પૂ. શ્રી જપ ને પ્રાર્થનામાં બેઠા. સર્વેશ્વરીએ થોડી નોંધ લખી.

આજનો સાંજનો સત્સંગ શ્રી ખુશાલભાઇના ઘરે ગોઠવાયો હતો. છ વાગ્યે ત્યાં જવાનું બને છે.

આજે આખો દિવસ સૂર્યનારાયણના દર્શન થતાં રહ્યા. સાંજે છ વાગ્યાથી ઠંડી શરૂ થઇ છે. તેની જાણ માથામાં નાંખવાનું તેલ ઠરી ગયું તે ઉપરથી થઇ રહી છે.

સત્સંગ જેમને ત્યાં હતો તે ઘરના કોઇ સ્વજનનું મૃત્યુ ભારતમાં થયું હતું. તે વાત નીકળતાં જ પૂ. શ્રીએ પોતાના વાર્તાલાપમાં જણાવ્યું.



"દેશમાં બધા દૂર દૂર રહેતા હોય તો તેમને તાર કે ટપાલથી મળવાનું બને. જ્યારે એક દેશ એવો છે કે જ્યાંથી આપણને કોઇ તાર કે ટપાલ મળતાં નથી. તો મળવાનું પણ બનતું નથી. તે દેશમાં સૌએ મૃત્યુ પછી જવાનું જ છે. આપણે પણ અહીં કાયમ થોડા જ રહેવાના છીએ? જેનું મૃત્યુ થયું છે તે આત્માની સદ્‌ગતિ જ થઇ છે. એમ માની શાંતિ રાખવી."

સત્સંગ દેવસ્થાનના ઓરડામાં જ ચાલી રહ્યો હતો. ત્યાં 'મા ભગવતી'નું સુંદર મંદિર ઉપર પૂ. શ્રીનો સહજ દૃષ્ટિપાત થયો અને સાથે જ પૂ. શ્રી સહજ રીતે ગાવા લાગ્યા.

"સકલ સૃષ્ટિનું મધુ લઇને, બન્યું મ્હારી 'મા'નું મુખ."

પૂ. શ્રીનું પોતાનું લખેલું એ ગીત ખૂબ ભાવવિભોર બનીને ગાયું. વચ્ચે વચ્ચે એની પંક્તિઓ સમજાવતા પણ ગયા.

સત્સંગ પૂરો થતાં ઉતારા ઉપર આવી દૂધ ફળ લીધાં. આઠ વાગ્યે સમયસર પ્રવચન થયું. આજે ૯ વાગ્યે પ્રવચન પૂર્ણ થયા પછી અર્ધો કલાક સર્વેશ્વરીએ પણ વાર્તાલાપ આપ્યો.

પ્રવચન બાદ આરામ.

જ્યાં જ્યાં સાંજનો સત્સંગ હોય ત્યાં ત્યાં જ્યારે પૂ. શ્રી પધારે ત્યારે સૌ જય જયકાર બોલાવે. દરેકના ઘરમાં દેવસ્થાનના ઓરડામાં જ સત્સંગ હોય. પૂ. શ્રી યોગેશ્વરજી અને સર્વેશ્વરી માટે અલગ અલગ બેઠકો તૈયાર જ હોય. પૂ. શ્રી માટે સોફા ઉપર રેશમી ચાદર પાથરી હોય. બીજા સોફા ઉપર અથવા કોઇકવાર ક્યારેક નીચે પણ સર્વેશ્વરીની બેઠક હોય.

પૂ. શ્રી પધારે એટલે ઘરના મુખ્ય માણસ ખાસ કરીને પુરુષ પૂ. શ્રીનું અને સર્વેશ્વરીનું ચંદન, ચોખાથી તિલક કરી ફૂલનો હાર

પહેરાવી, સાષ્ટાંગ પ્રણામ કરી આવકાર આપે. ત્યાર પછી ઘરનાં સભ્યો અને બીજા સત્સંગી ભાઈબેનો પ્રણામ કરે. પછી સત્સંગ શરૂ થાય. સત્સંગમાં પ્રશ્નો પૂછાય અને પૂ. શ્રી વાર્તાલાપ આપે, સત્સંગ પૂર્ણ થતાં બદામ, સાકર, સૂકીદ્રાક્ષનો પ્રસાદ અને દૂધ સૌને વહેંચવામાં આવે.

અત્યાર સુધી જ્યાં જ્યાં સત્સંગ ગોઠવાયો ત્યાં ત્યાં પૂ. શ્રીની મોટી રંગીન તસ્વીર દિવાલ ઉપર જોવા મળી. એ રીતે દેવસ્થાન-ની પૂજામાં પણ નાનકડી પૂ. શ્રીની તસ્વીરનાં દર્શન થયાં.

રગ્બી શહેરમાં પૂ. શ્રીના અનન્ય નિષ્ઠાવાન ભક્તો જોવા મળે છે. (ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૨૨૮૨૩૧



# બાળશિબિર–ફૂલવાડી–૨૦૦૦

કલ્યાણ

એક ફૂલ ઉપવનમાં ઊગે, બીજા ચેતન ફૂલ,
બાળક નામ ફૂલડાંનું એ, સાચેસાચ અમૂલ.
બાળ આ ધરતી કેરાં ફૂલ, એમાં ખરે નથી કૈં ભૂલ.

ફૂલનું સ્મરણ કરતાં જ મન એના વિવિધ રંગોની કલ્પનામાં ખોવાઈ જાય છે, સુગંધની સૃષ્ટિમાં સરી પડે છે, કોમળતાની કમનીયતાના વિહોરે ચડી જાય છે. આ ઉપવનના ફૂલોની જેમ બાળકો પણ આ ધરતીનાં ચૈતન્યથી ધબકતાં ફૂલો છે. આ બાલ-કુસુમોની વિવિધ મનોહર છટાઓનું દર્શન પૂ. શ્રીમાએ આ બાળ-મેળા દરમ્યાન કરાવ્યું. એ જ ફૂલો જેવી રંગીન સૃષ્ટિનું દર્શન બાળકોએ વિવિધ રંગ અને ડીઝાઇનના પોષાકો પહેરીને કરાવ્યું, ભાવોની કોમળતા એવી તો ભરપૂર હતી કે આ ઉત્સવ દરમ્યાન બાળકોના મુખારવિંદ પર માતૃપ્રેમની લાલીમા નિખરી ઊઠેલી, આ ઉત્સવ દરમ્યાન સ્વર્ગારોહણની ફૂલવાડી આ બાલકુસુમોની મીઠી મ્હેંકથી મઘમઘી ઊઠી હતી.

વેકેશનનો સમય હોવાથી છેક દૂર દૂરથી મોટી સંખ્યામાં બાળકો આવેલાં. ત્રણ વર્ષથી ત્રીસ વર્ષ સુધીના બાળકો પૂ. શ્રી માના સત્સંગમેળામાં ઉમટી પડેલાં.

આ ફૂલવાડીના માળી બનીને પૂ. શ્રી માએ આ બાલકુસુમોની એવી તો માવજત કરી કે માત્ર છ દિવસના ગાળામાં સંસ્કારોનું બીજારોપણ એવું કર્યું પરંતુ પૂ. શ્રી માએ આ બાળપુષ્પોને એવું

તો ભરપૂર પ્રેમવારિ સીંચ્યું કે છ દિવસોમાં તો પૂ. શ્રી માની ફૂલ-વાડી લહેરાઇ ઊઠી, મ્હેંકી ઊઠી, ડોલી ઊઠી, જાણે પ્રસન્નતાની સૃષ્ટિથી સ્વર્ગારોહણ શોભી ઊઠયું! બાળકલરવથી ગુંજી ઊઠયા. આ ઉમંગ અને ઉત્સાહનું પર્વ જેમણે માણ્યું છે તે કદી વિસરાય તેવું નથી. આ પ્રેમપર્વ દરમ્યાન બાળકોએ પૂ. શ્રી માના પરમ વાત્સલ્યનો એવો તો પ્રતિસાદ આપ્યો કે કોઇ પણ બાળકો પૂ. શ્રી માની ગોદમાંથી ઊઠવા તૈયાર જ ન હતાં. પૂ. શ્રી મા પણ બાળકોને પ્રેમ કરવામાં એવાં તો ખોવાઇ ગયાં કે બાળકલરવ સિવાય બીજું કંઇ સાંભળવા પૂ. શ્રી મા તૈયાર જ ન હતાં! વડીલોની વાડી તો જાણે સૂકાઇ ગઇ!

### પ્રભાતવંદના અને પ્રણામ

સવારના ૬–૩૦ ના પ્રભાતવંદનાના કાર્યક્રમથી બાળકલરવ-થી સ્વર્ગારોહણ ગુંજવા લાગતું. પ્રભાતવંદનામાં પૂ. શ્રી માના બાળપુષ્પો સ્નાન કરીને, સ્વચ્છ કપડાં પહેરીને હાજર થઇ જતાં. સૌથી પ્રથમ હરોળમાં રહીને પૂ. શ્રી મા અને શ્રીપ્રભુને પ્રભાતની વંદનાનો અર્ઘ્ય ધરતાં. જેમ વિવિધ પુષ્પોથી સ્વર્ગારોહણનું આંગણું શોભી રહે છે તેમ આ બાળપુષ્પોથી સ્વર્ગારોહણનું પ્રભાત પ્રફુલ્લિત બની જતું.

પ્રભાતવંદના પછી પૂ. શ્રી મા યોગશૈવલ્યમાં પ્રણામ માટે પધારતાં. તો બાળકો સૌથી આગળ પ્રણામ માટે પૂ. શ્રી માની આસપાસ ગોઠવાઇ જતાં. પૂ. શ્રી મા જેવાં પ્રણામ શરૂ કરે કે તરત જ સૌ બાળકો પણ પૂ. શ્રી મા સાથે પ્રણામ કરવા લાગતાં. આપણને એમ કે પાંચ સાત રર્ષના બાળકો કેટલા પ્રણામ કરશે? પરંતુ આ નાના બાળકો પૂ. શ્રી મા સાથે પૂરા ૨૦૧ પ્રણામો



કરતાં! પ્રણામ પછી પૂ. શ્રી મા આંગળી ઊંચી કરાવીને બાળકોને પૂછતાં કોણે પૂરા પ્રણામો કર્યા? જેમણે પૂરા પ્રણામો કર્યા હોય તેને પૂ. શ્રી મા જુદા બેસાડતાં. પાછળથી પ્રાર્થનાખંડમાં લઇ જઇ ત્યાં સંકીર્તન કરાવી પૂરા પ્રણામ બદલ પૂરી પ્રસાદીથી બાળકોને પ્રસન્ન કરી દેતાં!

બાળકોથી વીંટળાયેલાં પૂ. શ્રી મા અને બાળકોને પ્રભુને પ્રણામ કરતાં જોવાં એ પણ લ્હાવો હતો. બાળપુષ્પોને શ્રીપ્રભુના ચરણોમાં પ્રણામદ્વારા સમર્પિત થતાં જોઇને પૂ. શ્રી મા સહિત સૌ પ્રસન્ન બની જતાં. પૂ. શ્રી અને બાળકોદ્વારા શ્રી પ્રભુના ચરણોમાં કરાતા પ્રેમપૂર્વકના પ્રણામ વખતે પ્રસન્નતાની ભાવભરી સૃષ્ટિનું સહજ સર્જન થઇ જતું! પ્રભાતે આ પ્રેમલ સૃષ્ટિનું દર્શન ખરેખર અલૌકિક લાગતું!

અધ્યાત્મજીવનના યાત્રિકો માટે પ્રણામોની ભેટ એ પૂ. શ્રી માએ આપેલું એવું અખૂટ અને અમૂલ્ય ભાથું છે કે જેના સહારે પ્રભુપંથે ચાલતાં ચાલતાં પ્રભુના ધામમાં અવશ્ય પહોંચી જવાય છે. સ્વયં પરમશક્તિ પૂ. શ્રી માએ પોતાની પ્રસન્નતા માટે પસંદ કરેલું તપ પ્રણામો છે. એટલે જેઓ પ્રણામોનો આધાર લેશે તેઓ ભવસાગર તરી જશે એમાં કોઇ શંકા જ નથી.

પૂ. શ્રી માના કોઇ પણ આધ્યાત્મિક કાર્યક્રમનો પ્રાણ હમેશાં પ્રણામ જ રહ્યો છે. પૂ. શ્રી મા માટે સાધનાની સર્વ પદ્ધતિઓ પ્રણામસાધનામાં સમાઇ જાય છે એટલે આ બાળશિબિરમાં નિયમિત પૂરા પ્રણામો કરતાં બાળકોને પૂ. શ્રી મા ખૂબ પ્રોત્સાહન આપતાં. આ બાળશિબિરમાં સવારે ૭ થી ૭॥ પ્રણામો કરવાનો નિયમ અફર રહેતો.

## પૂ. શ્રી માનું મનોજગત

પારાવાર નિઃસ્વાર્થ નિર્મલ પરમપ્રેમ એ પૂ. શ્રી માએ ધારણ કરેલી પરમપ્રકૃતિનું પરમલક્ષણ છે. પ્રેમના બંધારણમાંથી પ્રેમ સિવાય બીજું શું પ્રકટે? બાળકો પ્રત્યેના વાત્સલ્યભાવને લીધે બાળકોના આત્મકલ્યાણ માટે પૂ. શ્રી માએ આ બાળશિબિરનું આયોજન કર્યું છે.

શ્રી અરૂણાબેને વાત કરી તે પ્રમાણે આ બાળશિબિરના આયોજન પાછળ પૂ. શ્રી માએ કેટલા બધાં સમય, શક્તિ અને ધનનો ભોગ આપ્યો છે! મહિનાઓ પહેલાં પૂ. શ્રી માએ આ બધું જ આયોજન વ્યવસ્થિત ગોઠવીને શ્રી અરૂણાબેન, શ્રીવિનોદિનિબેન, શ્રી રંજનબેનને અને શ્રી સિદ્ધાર્થભાઈને બધી વ્યવસ્થા સોંપી હતી. બાળકોને પૂ. શ્રી માએ જે દફતરો, ટોપીઓ અને ગળામાં પહેરવાના ચંદ્રકો આપ્યા હતા તેની પસંદગી, તેના પર લખવામાં આવેલા લખાણો માટે તો પૂ. શ્રી માએ પૂર્વતૈયારી માટે ઘણો સમય ફાળવ્યો હતો. વળી આ બધી જ ચીજવસ્તુઓ ખરીદવા માટે પૂરતા પૈસા પણ પૂ. શ્રી માએ અગાઉથી જ આપી રાખ્યા હતા. બાળકોને તો આ બધી જ ભેટો વિનામૂલ્યે જ મળી છે.

આ બાળશિબિરદ્વારા પૂ. શ્રી માએ બાળકોના જીવનના પાયામાં જ સંસ્કારબીજ રોપવા માટે અને તેની માવજત માટે રાત ને દિવસ ભરપૂર પ્રયાસો કર્યા છે. ક્યાંય કશી કચાશ રાખી નથી. આ છ દિવસો દરમ્યાન પૂ. શ્રી મા બાળકોની સાથે ને સાથે રહ્યાં છે. પૂ. શ્રી માનું નિવાસસ્થાન સતત બાળકોના કલરવથી ગૂંજતું રહેતું. હોલમાં, કુટિયામાં, પ્રાર્થનાખંડમાં, મેદાનમાં પૂ. શ્રી મા બાળકોની સાથે ને સાથે રહેતાં. આ દિવસો દરમ્યાન રાત્રે બે વાગ્યા પહેલાં તો પૂ. શ્રી માએ ક્યારેય આરામ કર્યો નથી. એટલું જ નહિ પરંતુ બે રાતો તો પૂ. શ્રી માએ અખંડ બાળકો સાથે ગાળી છે. એક આંખનું મટકું પણ માર્યું નથી.



આ બાળશિબિરના આયોજન અને પુરુષાર્થદ્વારા આપણે અનુભવી શકીએ છીએ કે આ પરમમાતાના દિલમાં બાળકોના કલ્યાણ માટે કેવો પારાવાર વાત્સલ્યભાવ ઉમટે છે!

પરમમાતા જ આવો વાત્સલ્યભાવ પ્રકટાવી શકે એવું શું નથી લાગતું? કેવો નિઃસ્વાર્થ પરમવાત્સલ્યભાવ! પોતાની પરમપ્રકૃતિદ્વારા પૂ. શ્રી મા આપણામાં પ્રભુપ્રત્યેનો પરમભક્તિભાવ પ્રકટાવવા માગે છે. પૂ. શ્રી માના પરમવાત્સલ્યભાવને સમજીએ, ભક્તિભાવ પ્રકટાવીએ અને જો એમાં પ્રત્યક્ષ પરમશક્તિનું દર્શન અનુભવાતું હોય તો એ શ્રી ચરણોને વળગીને જીવનને સાર્થક કરી લઈએ.

### બાળશિબિર જાણે સત્સંગ મેળો

ભારે આયોજન છતાં આ બાળમેળામાં કોઈ નિયમોનો કે કાર્યક્રમોનો ભાર નથી. બાળકોનું મુક્તસામ્રાજ્ય જાણે આ દિવસોમાં છવાઈ ગયું. કોઈ રોકટોક નથી, બંધન નથી, જાણે બાળકોનો મુક્ત વિહાર છે. આમ છતાં પૂ. શ્રી માના પ્રેમથી કોઈ મુક્ત નથી. બાળકો અને પૂ. શ્રી માનું આ પ્રેમરાજ્ય માણવા જેવું હતું.

પૂ. શ્રી મા અને બાળકો વચ્ચે કોઈ બંધન હોય તો તે છે પૂ. શ્રી માના પરમ વાત્સલ્યભાવનું. અહીં બાળકો પ્રણામ કરે છે તે પૂ. શ્રી માના પ્રેમબળે, સંકીર્તન કરે છે. પૂ. શ્રી માને પ્રસન્ન કરવા માટે, હરિફાઈઓમાં ભાગ લે છે. પૂ. શ્રી માની પ્રેમપ્રસાદી પામવા માટે, નાટ્યપ્રયોગોમાં ભાગ લે છે. આદર્શજીવનના સંસ્કાર ઘડતર માટે પૂ. શ્રી માના આશીર્વાદની ઝંખના સાથે.

સવારથી સાંજ સુધી પૂ. શ્રી મા અને બાળકોનો કોઈ અખંડ

કાર્યક્રમ ચાલી રહ્યો હોય તો તે છે બસ પ્રેમ કરવાનો! પૂ. શ્રી માએ પ્રેમથી હીંચકા બંધાવ્યા છે તો બાળકો પ્રેમથી હીંચકા ખાય છે. કોઈ નિયમ કે કાર્યક્રમ વિના આખી રાત સંકીર્તન ચાલે છે. તે પૂ. શ્રી માના એક માત્ર દર્શન માટે બાળકો રાસ રમે છે, નૃત્ય કરે છે, વિવિધ વેષભૂષાઓ ધારણ કરે છે તે પૂ. શ્રી માના પ્રેમ-ધબ્બાનો પુરસ્કાર પામવા માટે. કોઈ પણ કાર્યક્રમ જાહેર કર્યા વિના રાત્રે સાડાબાર સુધી કાર્યક્રમ ચાલ્યા કરે છે. તો તેમાં છે બસ આ પ્રેમનો કાર્યક્રમ!

બાળશિબિર કરતાં બાળમેળો નામ સાર્થક લાગે છે, અહીં પૂ. શ્રી માના સાન્નિધ્યમાં મેળાનું મુક્ત વાતાવરણ છે, મુક્ત વિહાર છે, કોઈ નિશ્ચિત કાર્યક્રમ વિના રાત ને દિવસ કાર્યક્રમ ચાલ્યા જ કરે છે. પૂ. શ્રી માના નિવાસસ્થાનનાં દ્વાર બાળકો માટે ચોવીસેય કલાક ખુલ્લાં રહે છે અને નિવાસસ્થાન બાળકોના કલરવથી સતત ગૂંજતું રહે છે. આ છે પૂ. શ્રી માના પ્રેમસામ્રાજ્યનું પ્રેમરાજ!

આ દિવસો દરમ્યાન ગોકુળ અને યમુનાતટની બાળસખાઓ સાથેની બાલકૃષ્ણની બાળલીલાઓ સહજ જીવંત બની ગઈ હતી! બાલકૃષ્ણની જેમ પૂ. શ્રી મા પણ પોતાના બાળકોથી સતત વીંટળાયેલાં રહેતાં. બસ એ જ કાલીઘેલી, કાલી વાતો, કાલાકાલા સૂરમાં પ્રભુના પ્રેમલ પૂર ઉમટતાં રહેતા!

### નાટ્યપ્રયોગોનો સુંદર કાર્યક્રમ

શિબિરના અંતે પૂ. શ્રી માએ સંતોષ વ્યક્ત કરતા કહ્યું હતું કે મટકીફોડ તથા નાટકોના કાર્યક્રમો અમને ખૂબ ગમ્યા. પૂ. શ્રી માની આજ્ઞા પ્રમાણે દેશપ્રેમ તથા ધાર્મિક હેતુવાળા નાટ્યપ્રયોગો બાળકો ભજવતાં.



નાટ્યપ્રયોગોમાં, સમુદ્રમંથન, પૂ. શ્રીના મુંબઈના આશ્રમ-જીવનનું દર્શન, અકબર બીરબલનો અલ્લાહવિષેનો સંવાદ, મી. જેકસનને પૂ. શ્રીનું દૈવી માર્ગદર્શન, જલારામબાપા અને વીર-બાઈમાનો પ્રસંગ, આ ઉપરાંત બેનોના ગીત સાથે અભિનય નૃત્યના કાર્યક્રમો, નાની તથા મોટીબેનોના રાસ અને ગરબાઓ રહેતા. નાના નાના બાળકોને અભિનય કરતાં જોઈને પૂ. શ્રી મા અતિશય પ્રસન્ન થઈ ઊઠતાં. તાળીઓ પાડી ઊઠતાં અને બાળકોને પ્રસાદીઓથી લાદી દેતાં. વળી બાળકોને ખુશ કરવા નાટકના તથા રાસના દરેક ગ્રુપ સાથે ત્યારે જ ફોટા પડાવતાં. આ રીતે વિવિધ કાર્યક્રમોદ્વારા બાળકોનમાં પડેલી સર્જન શક્તિઓને પૂ. શ્રી મા પ્રોત્સાહન આપીને વિકસાવવાની તક આપતા.

### પ્રવાસ અને પર્યટનો

પ્રવાસ અને પર્યટનોના આયોજનદ્વારા પૂ. શ્રી માએ બાળકોને મુક્તપણે મ્હાલવાનો અનેરો લ્હાવો આપ્યો. પ્રવાસમાં મુક્તપણે મ્હાલવાનો લ્હાવો ખરેખર અનેરો હોય છે. એક દિવસ બાળકોને પૂ. શ્રી માએ ગબ્બરગઢ ચડવાનો આદેશ આપ્યો. સૌ બાળકો પ્રસન્ન થઈ ઊઠયા અને હસતાંરમતાં ગબ્બરગઢની યાત્રાનો આનંદ માણ્યો. પૂ. શ્રી માનો પ્રેમ જુઓ, બાળકો પ્રસન્ન થાય એટલે ઉનાળાની આટલી ભયંકર ગરમીમાં પૂ. શ્રી માના દર્શન અચાનક ગબ્બર ગઢ પર કરીને બાળકો ખુશખુશાલ થઈ ઊઠયાં. બાળકોમાં ભાવ પ્રકટ કરવા શારીરિક વેદના સહન કરીને પણ પૂ. શ્રી મા પ્રયાસો કર્યા કરે છે.

એક દિવસ અંબાજી નજીક આવેલા કોટેશ્વર અને કુંભારિયા-ના યાત્રાસ્થાનોની યાત્રા પણ પૂ. શ્રી માએ બાળકોને કરાવી. તો બીજા દિવસે ચાર જીપો ભાડે કરીને આબુની યાત્રા પણ કરાવી.

યાત્રા કરીને આવ્યા પછી પૂ. શ્રી મા બાળકો પાસે યાત્રામાં શું શું જોઇ આવ્યાં તેનું વર્ણન અવશ્ય કરાવતાં, જેથી બાળકોમાં રહેલી યાદશક્તિ અને વક્તૃત્વશક્તિ ખીલી ઊઠે.

પૂ. શ્રી માને સાહસિક અને શૂરવીર સ્વભાવ ગમે છે એટલે બાળકોમાં પણ સાહસ અને હિંમતના ગુણોનો વિકાસ થાય તે માટે આવી સાહસિક યાત્રાઓનું આયોજન કરે છે. ખાસ કરીને પૂ. શ્રી માને સાહસિક પદયાત્રાઓ ખૂબ ગમે છે. શરીર મજબૂત બને તે માટે બાળશિબિરમાં વ્યાયામ પણ નિયમિત થતો. શરીર સુદૃઢ બને અને સ્વભાવ સાહસિક બને તે માટે આ બાળશિબિર-માં પૂ. શ્રી માએ ભરપૂર પ્રયાસો કર્યા. શ્રી રંજનબેન, શ્રી ગાયત્રીબેન અને શ્રીમયુરીબેન આવા વ્યાયામવર્ગોનું સરસ સંચાલન કરતાં.

આ ઉપરાંત જુદી જુદી હરિફાઇઓ યોજીને સૌને કાર્યક્રમમાં ભાગ લેવાનું ગૌરવ અપાવ્યું. ૩ વર્ષના બાળકથી માંડીને ૨૦ વર્ષના બાળકોએ ભાગ લીધો. લીંબુ ચમચી, બટાટા દોડ, કોથળા દોડ, દેડકા દોડ, દોરડાકૂદ, લંગડીકૂદ વગેરે હરિફાઇઓ હોલમાં પૂ. શ્રી માની સામે જ થઇ. ઘણી વખત તો પૂ. શ્રી મા નિર્ણાયક બની જતાં. પહેલો નંબર આવે તેને તો સૌ તાળીઓથી વધાવતા પરંતુ હરિફાઇમાં ભાગ લેતા જેઓ પડતા આખડતા તેને પણ સૌ હર્ષોલ્લાસથી વધાવીને આનંદ માણતાં. દરેક હરિફાઇમાં પ્રથમ આવનારને કંઇને કંઇ ઇનામ ભેટમાં પૂ. શ્રી મા તરફથી અવશ્ય મળતું. પ્રેક્ષકોને બમણો આનંદ મળતો એક તો હરિફાઇઓમાં બાળકોના પ્રયત્નોનો આનંદ અને બીજો પૂ. શ્રી માના પ્રસન્ન દર્શનનો આનંદ! પૂ. શ્રી મા એટલાં તો મુક્તમને હસતાં કે એ પ્રસન્ન દર્શન માણવાનો આનંદ ખરેખર વિરલ હતો. અહીં બધા જ કાર્યક્રમોનો સાર પૂ. શ્રી માની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો હતો.



## પ્રસાદ અને ઉપહાર

આ બાળશિબિરમાં એક દૃશ્ય માણવાજેવું હતું કે બાળકો આખો દિવસ કંઇને કંઇ પ્રસાદ અને ભેટથી ભરેલાં જ હોય! પૂ. શ્રી માએ આ બાળશિબિરમાં પ્રસાદ અને ભેટોનો પણ ભવ્ય કાર્યક્રમ રાખ્યો હતો! બાળકોને એટલો તો ભરપૂર પ્રસાદ મળતો કે એ પ્રસાદ જ બાળકો માટે ભોજન બની જતું. વળી પ્રસાદ પણ ભવ્ય જ રહેતો! સૂકો મેવો, બિસ્કીટ તેમ જ ચોકલેટની વેરાયટીનો તો પાર જ ન હતો. વળી જાતજાતની વેફર્સ અને મીઠાઇ પણ ખરાં જ. આ ઉપરાંત ફળોના પ્રસાદનો વરસાદ તો અલગ જ રહેતો.

પૂ. શ્રી માએ બાળકોને જે ભેટો આપી તેની પાછળ પણ વિશેષ દૃષ્ટિ હતી. બધી જ ભેટો બાળકોને દૈનિક જીવનમાં ઉપ-યોગી હતી. શિબિરાર્થીની વિશિષ્ટ ઓળખના પ્રતીકરૂપે પૂ. શ્રી માએ દરેકને લાલ રીબીન સાથેનો ચંદ્રક આપ્યો હતો. તેમાં 'બાળશિબિર–ફૂલવાડી–૨૦૦૦' કોતરાવેલું હતું. આ શિબિરની સ્મૃતિરૂપે આપેલો ચંદ્રક જ્યારે ગળામાં લટકાવીને બાળકો ફરતાં ત્યારે રાષ્ટ્રપતિના ગોલ્ડમેડલથી પણ વિશેષ મેડલ પૂ. શ્રી મા તરફથી મેળવ્યો છે તેવી ખુમારી બાળકોના મુખ પર વર્તાતી. ગળામાં લાલ રીબીનથી શોભતા મેડલથી 'અમે માતૃવાત્સલ્યથી કેવા સંપન્ન છીએ' તેવું ખુમારીનું જોશ બાળકો અનુભવતા હતા. પૂ. શ્રી માએ બાળકોને કંપાસપેટીની પણ ભેટ આપી હતી જે બાળકોના અભ્યાસક્રમની જરૂરી વસ્તુ હતી. પૂ. શ્રી માએ બાળકો-ને આપેલી સરસ ટોપી પણ કેટલી દૃષ્ટિસંપન્ન હતી? સફેદ કેપના આગળના ભાગમાં ત્રિરંગો રાષ્ટ્રધ્વજ હતો. વચ્ચેના સફેદ પટ્ટમાં 'ૐ યોગેશ્વરાય નમઃ' અને તેની ઉપર મોટા અક્ષરે 'મા'નો મુદ્રા-લેખ અંકિત હતો. આ કેપ પહેરીને જ્યારે બાળકો સ્વર્ગારોહણના

આંગણમાં ફરતા ત્યારે જાણે સ્વર્ગારોહણની સેવા અને સંરક્ષણની જવાબદારી અમારા મસ્તકે છે એવી ગૌરવભરી છટાનું દર્શન બાળકોના મુખપર થતું !

બીજી વિશિષ્ટ ભેટમાં પૂ. શ્રી માએ બાળકોને આપેલું સરસ દફતર છે. લીલારંગના દફતરપર લાલરંગનું પાકીટ છે. પાકીટ ઉપર 'ૐ યોગેશ્વરાય નમઃ' લખેલું છે. તેની નીચે–

વરદ હસ્ત પ્રભુ તમારો,
સદાય રહેજો જીવન સહારો.

—એ આશીર્વચન અંકિત છે.

પૂ. શ્રી માએ બાળકો માટે એવી સરસ અને સુંદર ભેટો પસંદ કરી છે કે બાળકોને દરરોજ પૂ. શ્રી માનો પ્રેમ અને શિબિરની યાદ આવતી જ રહે.

### સંકીર્તન–શિબિરનો પ્રાણ

બાળકોનું ભાવપૂર્વકનું સંકીર્તન આ બાળશિબિરનો પ્રાણ હતું. બાળકો પૂ. શ્રી મા પાસેથી જે વાત્સલ્યભાવ પામ્યા છે તેનો પડઘો સંકીર્તનમાં પડતો. સંકીર્તન એવું તો સ્વયંસ્ફૂરિત હતું કે તે બાળકોના હૃદયમાંથી જ ઊઠતું. એ ભાવનું ઊંડાણ પામવું શક્ય નથી. જે પૂ. શ્રી માના વાત્સલ્યભાવને ન માપી શકાય તેમ બાળકોના ભાવસંકીર્તનને માપવું પણ અશક્ય હતું.

બાળશિબિરદ્વારા પૂ. શ્રી માએ જે વાત્સલ્યભાવ બાળકો માટે ઠાલવ્યો તેનો પડઘો બાળકોના અંતરમાંથી એટલા જ ઊંડાણમાંથી ઊઠયો. બાળકોની પ્રેમમસ્તી ખરેખર અનેરી હતી ! બાળકોએ પૂ. શ્રી માને જાણે અણુએ અણુમાંથી પ્રકટાવ્યાં હતાં.

દરરોજ રાત્રે ૧૨ વાગ્યે હોલમાં નાટયપ્રયોગોનો કાર્યક્રમ



પૂરો થયા પછી બાળકો હોલ સામે વૃક્ષ નીચે એકઠાં થતાં અને સંકીર્તન શરૂ કરતાં. ગબ્બરગઢ ચઢયા ઉતર્યા હોય કે આબુ-પર્વતની યાત્રા કરીને આવ્યા હોય પરંતુ સંકીર્તનના પ્રેમમાં શરીરનો થાક કે કંટાળો ક્યાંય વિસરાઇ જતો ! અરે ઊંઘ પણ ઊડી જતી ! એક વખત સંકીર્તન શરૂ થયું તે ક્યારે અટકશે તે કંઇ કહેવાય નહીં. સંકીર્તનનું અંતિમ લક્ષ્ય પૂ. શ્રી માનું દર્શન રહેતું. કેટલીક વખત પૂ. શ્રી મા બે વાગ્યે પધારે તો રાત્રે ત્રણ વાગ્યે પણ પધારે. પરંતુ પૂ. શ્રી માના દર્શન વિના સંકીર્તન બંધ ન થાય. પૂ. શ્રી માને તો ક્યાં ઊંઘ છે ! પૂ. શ્રી મા તો બાળકોના પોકારો સાંભળવા જ આતુર હોય ! જ્યારે બાળકોના પોકારો પ્રબળ બની જતાં ત્યારે પૂ. મા બાળકો પાસે દોડી આવતાં !

એક વખત બાળકો રાત્રે બે વાગ્યે 'ૐ નમો ભગવતે યોગેશ્વરાય' મહામંત્રના નામસંકીર્તનની મસ્તી માણતાં હતાં ત્યાં પૂ. શ્રી પ્રસન્નવદને પધાર્યાં. પૂ. શ્રી માના દર્શન થતાં જ બાળકોને સૂરાતન ચડી ગયું. પૂ. શ્રી મા પણ તાલ દેવા લાગ્યાં. સંકીર્તન ચાલતું રહ્યું મસ્તીનો નશો રોમેરોમમાં છવાઇ ગયો. ચાર વાગી ગયા તોપણ એ સંકીર્તનની સમાધિ છૂટતી ન હતી ! છેવટે પૂ. શ્રી ઊઠયાં ! બાળકો પણ પાછળ ચાલ્યાં. સ્વર્ગારોહણની ગલીઓમાં સંકીર્તન કરતા ફરવા લાગ્યાં. પછી પ્રાર્થનાખંડમાં જઇ સંકીર્તન કર્યું. પાંચ વાગ્યે બાળકોને સ્નાન કરીને પાછું આવી જવાનું કહ્યું. બાળકો સ્નાન કરીને આવ્યાં તો પૂ. શ્રી માએ પ્રણામો શરૂ કર્યાં. પ્રણામો પૂરા થયા ત્યાં પ્રભાતવંદનાનો સમય થતાં સૌ બાળકો સાથે લઇને દરેક રૂમપર જઇને સંકીર્તન કરતાં કરતાં બારણાં ખખડાવીને સૌને જગાડયા. પૂ. શ્રી માને સામે જોઇને સૌ આશ્ચર્યચકિત થઇ ગયાં ! નામસ્મરણ કરતાં કરતાં આખી રાત પૂ. શ્રી મા અને બાળકો જાગ્યાં.

સ્વર્ગારોહણથી વિદાયની રાત પણ અમર બની ગઇ! તે રાત્રે દરરોજની જેમ બાળકોએ રાત્રે બાર વાગ્યે સંકીર્તન શરૂ કર્યું. બે વાગ્યા તોપણ પૂ. શ્રી પધાર્યા નહીં. બાળકોએ સંકીર્તન ચાલુ જ રાખ્યું. ચાર વાગી ગયા તોપણ પૂ. શ્રી મા પધાર્યા નહીં. આજે બાળકોની કસોટી હતી પણ પ્રેમની લડાઇમાં બાળકો હારવા માગતા ન હતાં. સવાર પડી ગઇ તોપણ પૂ. શ્રી મા પધાર્યાં નહીં છતાં બાળકોએ મેદાન છોડયું નહીં. આખી રાત મસ્તીપૂર્વક નામસંકીર્તન કર્યું. છેવટે છેક વિદાય વખતે આઠ વાગ્યે પૂ. મા પધાર્યાં. પૂ. શ્રી માના દર્શન પામીને બાળકોના ચહેરા ચમકી ઊઠયા, સૌ ધન્યતાના સાગરમાં સ્નાન કરી રહ્યા. પૂ. શ્રી માએ કહ્યું, "તમે ક્યારે હારો તેની અમે રાહ જોતાં હતાં, પરંતુ હાર્યા, થાક્યા વિના સતત સંકીર્તન કરતા રહ્યા તેથી બધાં જ ગોલ્ડમેડલ મેળવી ગયાં!"

પૂ. શ્રી માના કૃપાવચનોથી બાળકોની ધન્યતાનો કોઇ પાર ન રહ્યો. એ રાત બાળકોના જીવનમાં ખરેખર અમર બની ગઇ. પૂ. શ્રી માને પોતાના કાળજામાં જાણે કોતરી લીધાં! પૂ. શ્રી માએ આશીર્વાદ આપતાં કહ્યું, "આ રીતે કોઇ પણ ધ્યેય માટે દિલમાં લગન લાગી જાય તો ધ્યેય અવશ્ય પાર પડે તેમાં કોઇ શંકા નથી. તમારા સૌનો પ્રેમ જોતાં અહીં જ રહેવાનું મન થાય છે. પરંતુ પરદેશના બાળકો પણ તમારી જેમ રાહ જુએ છે. ત્યાં પણ શિબિરનું આયોજન થઇ ગયું છે. એટલે જવું પડે તેમ છે. ફરી પાછા મા બોલાવે ત્યારે પહોંચી જજો. જોજો માને ભૂલતાં નહીં! જરૂર આવજો. જેમ વેલ વૃક્ષને વીંટળાઇ વળે તેમ સૌ માને વીંટળાઇ વળજો. તમારી પ્રાર્થના પ્રભુ સાંભળે છે માટે પ્રાર્થના કરજો."



સૌ બાળકોએ પૂ. શ્રી માને પ્રણામ કર્યા, પૂ. શ્રી માએ સૌને ફૂલની પ્રસાદી આપી. સંકીર્તન કરતાં કરતાં બાળકોએ સ્વર્ગારોહણથી 'સત્યપથ' પધારવા માટે અશ્રુભીની વિદાય આપી.

વિદાય થતાં પહેલાં બાળશિબિરના આયોજનમાં મદદરૂપ થનાર શ્રી વિનોદિનિબેન, શ્રી સિદ્ધાર્થભાઇ, શ્રી અરૂણાબેન, શ્રી રંજનબેન, શ્રી ગાયત્રીબેન અને શ્રી મયુરીબેનને પૂ. શ્રી પાસે અભિનંદન આપ્યા.

આ રીતે પૂ. શ્રી માની ફૂલવાડીની નિર્દોષ પ્રેમ અને આનંદની અવધિ પૂરી થઇ. પરંતુ પૂ. શ્રી માનું સંસ્કાર ઘડતરનું બીજારોપણ અનેકગણું સફળ રહ્યું. પૂ. શ્રી મા પણ બાળકોમાં સંસ્કારરોપણના ધ્યેયમાં સો ટકા સફળ રહ્યાં, તો બાળકો પણ પૂ. શ્રી માના વાત્સલ્યભાવને પ્રતિસાદ આપવામાં સો ટકા સફળ રહ્યા. પૂ. શ્રી માનો પરમ પ્રેમપુરુષાર્થ પૂરેપૂરો ફળ્યો તેનો પૂ. શ્રી માને પરમ સંતોષ છે. તો બાળકોને પૂ. શ્રી માએ જે કંઇ આપ્યું તે લૂંટવામાં બાકી ના રાખ્યું તેનો આનંદ છે.

પૂ. શ્રી માએ પોતાના બાળકો માટે જે તન, મન, ધન ઓવારી દીધાં તેની પ્રશસ્તિ બાળકો કેવી રીતે કરી શકે?

આંખમાં ઉનાં છે આંસુડાં, ને હૈયામાં ભર્યા છે ભાવ,
પ્રેમના પૂર આવ્યા મારે, કેવી રીતે ગવાય?

હે વ્હાલાં મા, શું ગાઉં? કેમ ગાઉં?

**પૂ. શ્રી માએ રચેલી ફૂલવાડી એટલે...**

* આઠે પ્રહર પૂ. શ્રી માના પરમસ્વરૂપનું સાન્નિધ્ય અને દર્શન.
* બાળકો માટેના પૂ. શ્રી માના નિઃસ્વાર્થ પરમવાત્સલ્યનું દર્શન.

* ફૂલવાડી એટલે પૂ. શ્રી માની વાત્સલ્યવર્ષામાં નિરંતર સ્નાન.
* ફૂલવાડી એટલે બાળકોના સંસ્કાર ઘડતર માટેના પૂ. શ્રી માના ભવ્ય પુરુષાર્થનું દર્શન.
* ફૂલવાડી એટલે પરમશક્તિ પૂ. શ્રી મા પ્રસન્ન થઇને કેવા પ્રત્યક્ષ થાય છે તેનું નજરે નિહાળેલું લીલાદર્શન.
* ફૂલવાડી એટલે બાળકોમાં ખોવાયેલાં પૂ. શ્રી માનું વિરલ દર્શન.
* ફૂલવાડી એટલે નિર્દોષ પ્રેમ અને આનંદની દુનિયા.
* ફૂલવાડી એટલે પૂ. શ્રી માના વાત્સલ્યવૈભવ અને બાળકો-ના પ્રેમભર્યા કલરવનો અનોખો અનેરો સંગમ.
* ફૂલવાડી એટલે પૂ. શ્રી માએ બાળકોમાં સીંચેલા સંસ્કારોનું દર્શન.
* ફૂલવાડી એટલે બાળકોએ પૂ. શ્રી માના ઝીલેલા સંસ્કારોનું દર્શન.
* ફૂલવાડી એટલે બાળકોના દિલમાં પ્રભુપ્રેમના પ્રકટેલા સંસ્કારોનું ભવ્ય દર્શન.
* ફૂલવાડી એટલે માળી અને ફૂલછોડ નહિ, પ્રેમભર્યા પુરુ-ષાર્થભર્યા અને માવજતથી પ્રકટેલી સુગંધિત બાલજીવન-વાડીનું સોહામણું દર્શન.

સાંસારિક સંબંધોની શિથિલતાના સ્થાને પરમ વાત્સલ્યમય માતૃસ્નેહનું સંસ્થાપન



# પહેલું ડગલું

ડૉ. પ્રકાશ ગજ્જર

એક મહાન સંગીતકાર પાસે એક બહેન ગમે તેમ કરીને પહોંચી ગયાં ને કશી જ પૂર્વભૂમિકા વગર બોલ્યાં : "તમે પાંચ વરસની ઉમ્મરથી સંગીતરચનાઓ કરો છો ને આઠ વરસે પહોંચતાં પહેલાં તો આખા યુરોપમાં પ્રખ્યાત થઇ ગયા હતા એ સાચી વાત?"

"મેડમ, લોકો એમ કહે છે ખરા," સંગીતસમ્રાટે પૂરા વિનયથી જવાબ આપ્યો.

"મારો સુપુત્ર ત્રણ વરસનો છે. એને પણ તમારા જેવી સૂરસિદ્ધિ અને વિશ્વપ્રસિદ્ધિ મળે એટલા માટે એણે ને અમારે શું કરવું જોઇએ?"

"એમાં કુદરતની મ્હેર જોઇએ. ખૂબ જ પુરુષાર્થ કરવો પડે. પણ પાયામાં કુદરતની કૃપા હોવી જ જોઇએ."

"મેં તમારું જીવનચરિત્ર વાંચ્યું છે. એમાં તો ક્યાંય કુદરતની કૃપા વિષે આવતું જ નથી. તમે નાના હતા ત્યારથી જ પિયાનો અને વાયોલીન એક આરૂઢ નિષ્ણાતની જેમ બજાવતા હતા. તો મારો સુપુત્ર કેમ ન બજાવી શકે? એ નિષ્ણાત કેમ ના થઇ શકે? તમે જ કેમ નિષ્ણાત થયા?" બહેને એકીસાથે ઘણું બોલી નાંખ્યું.

"હું નિષ્ણાત થઇ ગયો છું એમ હું માનતો નથી. આજે પણ

રોજ આઠેક કલાક મારી સૂરસાધના ચાલે છે. રાતના પણ મને સપનામાં સ્વરો જ આવતા રહે છે."

"બધું સાચું. પણ મારો દીકરો તમારા જેવો કેમ ના થઇ શકે? તમે જ કેમ થયા?"

"મેડમ! આનો જવાબ મારી પાસે નથી. પણ મને એટલી ખબર છે કે મારી સદ્‌ગત મા મારા માટે કોઇને પૂછવા ગઇ નહોતી ને મેં પણ કોઇને પૂછ્યું નહોતું," આમ કહી એ વળી પાછો સૂરસાધનામાં લાગી ગયો.

આ સત્યઘટનાને જો યોગ્ય રીતે સમજી લેવામાં આવે તો આપણું મોટું કામ થઇ જાય. પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી જેવા પૂર્વની ઉપલબ્ધિવાળા દિવ્યાત્માઓ જન્મજન્માન્તરથી પોતાની સાધનાયાત્રા સપાટી ઉપર એટલા માટે ચલાવતા હોય છે કે સામાન્ય સંસારીજનો એમાંથી કશુંક પ્રેરણા મેળવે, કાંઇક પામે; તે પ્રમાણે આચરવાનો તત્પર થાય.

હમણાં એક વિશેષ નિમિત્તે મને મહાત્માજીની આત્મકથા 'પ્રકાશને પંથે'નું ઊંડું અવગાહન કરવાનું સદ્‌ભાગ્ય સાંપડેલું. એના આરંભમાં જ જે સિંહરણકાર છે એ દિવ્ય અનુભૂતિઓનાં ઊંચામાં ઊંચા શિખરો ઉપરથી પ્રગટેલો છે. તેઓશ્રીને કોઇ યોગ-ભ્રષ્ટ કે બીજા કોઇ વિશેષણ સાથે ના ઓળખાવે એવી સ્પષ્ટતા એમણે પૂરા વજન સાથે કરી છે. માનવબલિ જેના ઉપર અપાતો હતો એવી યુગોજૂની શીલાને આદ્યશંકરાચાર્યે જ્યારે કોશવડે ઉથ-લાવી નાંખી હતી ત્યારે સંસ્કૃતમાં જે વીરવાણી એમણે ઉચ્ચારેલી એનો જ રણકાર મને પૂજ્ય યોગેશ્વરજીની વાણીમાં સંભળાય છે.



ગેલીલી સરોવરના કિનારે જ્યારે ઇસુએ 'I am I' 'હું હું છું' એમ કહ્યું હતું ત્યારે એમાં આપણી ચિરંતન જ્ઞાનવાણી 'અહં બ્રહ્માસ્મિ'ના જ પડઘા પડતા હતા. પણ 'બાવો નાચે એટલે બોદલી નાચે' એ કહેવતપ્રમાણે આપણે બધાયે જો આંખો મીંચી-ને આવી 'બ્રહ્મવાણી' રટવા લાગી જઇએ તો ભારે નુકસાન થાય.

કોઇ અનામિ આત્માએ, કહો કે ભક્તિ છલકાતા હૃદયે સરસ કહ્યું હતું : "વાંસળીને સાત સૂરે છલકાતાં પહેલાં લાલચોળ સળિયાવડે રગેરગે વીંધાઇ જવું પડે છે." મારા મતે તો, આવ-શ્યકતા જ નહોતી એવાં તપ તપવા માટે પૂજ્ય યોગેશ્વરજીએ સામે ચાલીને કેવી કેવી કસોટીઓને આમંત્રણ આપ્યું હતું! પરમ પૂજ્ય મા સર્વેશ્વરીએ દશરથાચલ પર્વતની યાત્રા કરી ત્યારે એમના પગમાં છાલાં પડયાં તેની તસ્વીરો જોઇ બેબાકળા બની જવાયું હતું. આ બધાનું અર્થઘટન એવું કરી શકાય કે આવાં તપ આપણ-ને માર્ગદર્શન આપવા માટે તપવામાં આવતાં હશે; એમ કે, કોઇ ને કોઇ રીતે કોઇક આત્મા જાગે છે કે!

પૂજ્ય માએ પૂજ્ય મહાત્માજીનું માર્ગદર્શન ઝીલ્યું. પૂજ્યશ્રીએ સ્વયં સાધનાના પાઠ વિવિધ સ્થળેથી મેળવ્યાનું સ્વીકાર્યું છે. પણ એ તો સિંહાસન બનાવવા માટે; જેથી સાધનાનું દિવ્ય સ્વરૂપ એના ઉપર સુપેરે સ્થાપી શકાય.

'મહાજનો યેન ગતઃ સ પંથાઃ' એ સત્ય બરાબર છે. પણ આપણે વિવેક તો દાખવવો પડશે. પોતાની ભીતરમાંથી જો માર્ગ-દર્શન મળે તો સરસ. પણ એ ના જ મળે તો આપણે આસપાસ દૃષ્ટિ દોડાવીએ. જેઓ આપણી આગળ ગયા છે, ને જેઓ આજેય આપણી સન્મુખ છે એમના ભદ્ર જીવનમાંથી, દિવ્ય યાત્રામાંથી પ્રેરણા મેળવીએ અને ચાલવા લાગીએ.

ઉડિયાબાબાને એક સંસારી કહે : "આપ તો અદ્ભુત છો. કઠોર સાધના કરીને આપ તો તરી ગયા. પણ અમારા જેવા સંસારમાં સબડયા કરે છે."

"પણ તને કોણ રોકે છે? આવી જા મારા ભેળો. કુટિયામાં ઘણી જગા છે. ને ના જ ફાવે તો બાજુમાં બાંધ. બીજે ક્યાંક બાંધ."

"બાબાજી, મારી દીકરીની દીકરી નાની છે. એનાં લગ્ન થઇ જાય એટલે ગંગાનાહ્યા. લગ્ન થઇ જાય ને એના પોતરાને જોઇ લઉં એટલે મારો સંસાર પૂરો."

પાગલ ક્યાંનો! સાઠ વર્ષનો તો થઇ ગયો છે. ને પૌત્રીનું લગ્ન જ નહીં, એના પોતરાનો પણ વિચાર કરે છે. આને કહેવાય મનની માયાજાળ, પોતે જ ઊભી કરેલી છેતરામણી. પહેલી વાત તો એ છે કે સંસારના ચક્કરમાંથી એમ બહાર નીકળવાનું સહેલું નથી ને મારા નમ્ર મતે એ અનિવાર્ય પણ નથી. એ સદ્ભાગ્ય તો પરમાત્માએ બહુ ઓછા દિવ્યાત્માઓ માટે અનામત રાખેલું છે.

પણ તેથી શું? સંસારમાં રહીને સાધના કેમ ના થઇ શકે? ચોવીસ નહીં, બાર કલાક પણ એમાં જ મત્ત રહેવાનું કોઇ કહેતું નથી. રોજ કલાક, અરે દસ મિનિટ પણ સાધના માટે ફાળરવામાં આવે તો આગળનો રસ્તો પરમાત્મા પોતે જ પ્રકાશિત કરશે. તમને પેલી ચીની કહેવતની ખબર હશે જ કે "હજારો ગાઉની મુસાફરીનો આરંભ એક જ ડગલાથી થાય છે." એક ડગલાથી શરૂઆત કરો. પછી એક... પછી એક... એ પરંપરા ચાલશે.

કોઇ અવતારી વિભૂતિના મોંમાં પ્રભુની આ વાણી પ્રગટ થઇ હતી : "તમે મારા તરફ એક ડગલું ચાલો. હું તમારા તરફ નવ્વાણુ ડગલાં ચાલીશ, દોડીશ." આમાં આપણ સહુને માટે જબરી આસાયેશ છે. સંસારનો કોઇ માણસ આટલા બધા મોટા લાભનું વચન આપણને નથી આપતો.



દરિયો પહેલી વખત જોનારા ભત્રીજાએ કાકાને કહેલું : "આ મોજાં શાન્ત થાય પછી હું એમાં સ્નાન કરું." એય સાવ ગાંડો કહેવાય. આપણા જેવો જ! સંસારસાગરનાં મોજાં કદી શાન્ત થવાનાં નથી. આપણ ગમે ત્યારે અંદર ડૂબકી લગાવી દેવાની. પરમનાં મોતી તો મળે.

---


જે મનુષ્ય પોતાની જ સુખશાન્તિનો વિચાર કરે છે. પોતાના પરિવારનું હિત વિચારે છે, તે કદી પણ આદર્શ માનવ બની શકે નહિ. તો ભક્ત કે યોગી તો શી રીતે બનવાનો?

યોગેશ્વરજી

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧.

## * રક્ષા કરશો રોજ તમે *

રક્ષા કરશો રોજ તમે.
માની લીધું એમ અમે. રક્ષા૦

મનડું મારું સ્વરૂપરસમાં,
કરતાં સ્નાન રમે;
સંભાળ સદા લેશો તેની
કરતાં સ્નેહ તમે. રક્ષા૦

સ્મરણ તમારું સહજ થયું છે,
બીજું કૈં ન ગમે;
કૃપાપિયૂષતણું પાન કર્યે
સઘળા ક્લેશ શમે. રક્ષા૦

ભયંકર ભલે ભેખડ આવે,
દિલડું દર્દ દમે,
શ્રદ્ધા છે કે વિજનમહીંયે
રે'શો સાથ તમે. રક્ષા૦

ચિંતા મટી ગઈ છે મારી
પીડા પ્રાણ ખમે;
પાગલ આતમ અર્પણ કરિયો,
વારંવાર તમે. રક્ષા૦

યોગેશ્વરજી

જીવનને આધ્યાત્મિક ઓપ આપવા માટે, જીવનમાં શાંતિ મેળવવા માટે, મુક્તિ અથવા પૂર્ણતાથી સંપન્ન બનવાને માટે, ક્યાંય નાસી જવાની જરૂર નથી. સંબંધ વિચ્છેદ કરવાની જરૂર નથી. આપણાં લૌકિક કર્તવ્યોને તિલાંજલિ આપવાની આવશ્યકતા નથી; પણ અત્યારે જેવી રીતે રહીએ છીએ તેના કરતાં વધારે સરખી રીતે રહેવાની આવશ્યકતા છે. મનુષ્યને છાજે તેવી રીતે રહેવાની અને જીવવાની જરૂર છે. યોગેશ્વરજી


સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

" નિરાંત "
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઈલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E-mail :
hpathakji@yahoo.Com

# ફૂલવાડી–૨૦૦૦

જયાબહેન પટેલ

**વાહરે, મારાં પ્યારાં મા !**

આ અવનિ પર વૃધ્ધકે અને બાળકોને ભાવથી જોનાર, પોષનાર અને માવજત કરનારની ખેંચ પડતી જાય છે. તેના મૂળ કારણોમાં વધતી જતી ભૌતિકતા છે. ગૃહસ્થીઓની પાસે સમય નથી. તૃષ્ણાઓની પૂર્તિ માટે જ જીવન પસાર થાય છે. એમાં વળી બાળકો અને વૃદ્ધોનું ધ્યાન કેમ રાખવું? 'નવી જે આંખડી આપે, યુગોનાં કષ્ટને કાપે, કૃપાથી મુક્તિ દેનારા ગુરુને લાખ વંદન હો' આ ઉક્તિ પ્રમાણે પૂ. મા પોતાના જીવનદ્વારા જ નવી આંખડી આપે છે. ૧૨૫ બાળકોની 'ફૂલવાડી–૨૦૦૦'નામે શિબિર સ્વર્ગારોહણ અંબાજી ખાતે યોજે છે. આ શિબિરમાં ભારતીય સંસ્કૃતિની રક્ષાના બીજ રોપાય છે, ગુરુદેવની ભક્તિનાં બીજ અંકુરિત થાય છે, બાળભક્તોના જીવનમાં પડેલી સુષુપ્ત શક્તિ બહાર આવે છે. આ બધું એકાએક કેવી રીતે બને છે, બાળકોમાં પૂ. મા કેવી રીતે પ્રગટ થાય છે અને સંસ્કરણની સરિતા વહાવે છે તેનો ખ્યાલ બાલવાડી શિબિરને જોનાર, માણનાર, કૃતકૃત્ય થનાર ભક્તોદ્વારા મળતા પ્રતિભાવાત્મક લેખદ્વારા આવે છે. પથ્થરના હૃદયમાં પણ ઉત્તમ ભાવના, પ્રેમના ફૂવારા ફૂટે તેવો ખજાનો પૂ. માને સખાભાવથી જોનાર, પૂજનાર, સેવનાર જયાબેન પટેલના લેખ પરથી ખ્યાલ આવે છે કે ભાવ જ્યારે પ્રગટે છે ત્યારે ભગવાન–પૂ. માને પણ એક જીવ સખા તરીકે બનાવવામાં પાછી પાની કરતો નથી.



કોટિ પ્રણામ છે પૂ. માને કે જીવને સખા તરીકે સ્વીકાર્યો, ધન્ય છે એ જીવને કે આ ઘોર કલીકાળમાં પૂ. માને પકડી રાખ્યાં.

— ડો. જાગાણી

**શિબિરનું નામ ફૂલવાડી–૨૦૦૦**

હે મા! નામ પણ સાર્થક શોધ્યું છે. તમારી લીલાનો પાર ક્યાં આવે? આ નામમાં કેટલો અર્થ સમાયો છે. ફૂલ ઊગે છે જંગલમાં, બગીચામાં, કાંટા વચ્ચે, રંગબેરંગી સુગંધિત કુદરતે ફૂલોમાં જેવી વિવિધતા ભરી છે, તેમ પૂ. માનાં બાળકો પણ વિવિધ ગુણોથી ભર્યા છે. કોઈમાં ગાવાની શક્તિ, કોઈમાં રમતની, કોઈમાં નાટકની, કોઈમાં નૃત્યની, કોઈમાં મિકેનિકલ ઇલેક્ટ્રીકલ કાર્યો કરવાની શક્તિ. આમ જુદી જુદી શક્તિ અને કલાઓ છૂપી રીતે રહી હોય તેને બાળકોમાં પ્રગટ કરે છે.

પૂ. મા, ફૂલ જેવાં બાળકોને પોતાનાં સોહામણાં હાથે શણગારી રહ્યાં છે. પ્રભુના મસ્તકે સુંદર ફૂલ બનીને ચઢે તેવા સુંદર ઘાટ ઘડી રહ્યાં છે. આ ફૂલ સ્વાર્થ વિના જેમ સુગંધ પ્રસરાવે છે, ભેદભાવ રાખતું નથી કે આ આવે તો સુગંધી આપું અને આ ના આવે તો ના આપું, તેનું જીવન અલ્પ છે તોય હસતું રહે છે, ક્યાંય રુદન કરતું નથી, નિરાશ થતું નથી, કે મારે જ કેમ આટલું ઓછું જીવન? તે તો તેનું કર્તવ્ય બજાવી સંદેશ ધરે છે કે જીવન વધુ હોય કે ઓછું, પ્રભુની પ્રસાદી સમજી કર્તવ્ય બજાવ્યા કરો. જાતજાતનાં ફૂલ રંગબેરંગી ભ્રમરને, મધમાખીને આકર્ષે છે તેઓ ફૂલમાંથી રસ ચૂસી મધુર મધ તૈયાર કરે છે. જે આયુર્વેદની દૃષ્ટિએ ઉત્તમ કક્ષાનું ઔષધ અને ખોરાક પણ છે, તે જ રીતે પૂ. મા તે બાળ ભૂલકાઓને સમાજ અને રાષ્ટ્રની દૃષ્ટિએ ઉત્તમ–અતિ

ઉત્તમ કક્ષાએ લાવી મૂકવાના સતત પ્રયત્ન કર્યા કરે છે. તે બાળકોનું નિઃસ્વાર્થીપણું, પરોપકારિતા, દિવ્યતા અને પૂર્ણતા ઉપર સતત ધ્યાન ધરી રહ્યાં છે.

ફૂલવાડીમાંના વાડી શબ્દનો જે અર્થ એ છે કે જ્યાં દરેક જાતના ફૂલઝાડ ઊછેરાય છે. ફળોના ઝાડ પણ ત્યાં ઊછેરવામાં આવે છે. જાણે પોતાના થોડા કે વધુ વિસ્તારનાં સર્વને સમાવવાની ભાવના હોય છે. અને વાડી જે અર્થમાં વપરાય છે તે સ્થળ સમાજ કે રાષ્ટ્રના કાર્ય માટે કે ઉત્સવો માટે વપરાય છે. જ્યાં મેળાઓ ભરાય છે, લગ્ન પ્રસંગો ઉજવાય છે, તે રીતે પણ બાળકોમાં સમૂહ ભાવનાનો વિકાસ થાય છે.

આ શિબિર ઇ. સ. ૨૦૦૦ માં રાખવામાં આવી છે જે ૨૧ મી સદીના પ્રારંભનું વર્ષ છે. નવી સદી, નવો ઉત્સાહ, નવો પ્રેમ નવી શોધો. એકવીસમી સદીનું આ નૂતનવર્ષ પૂ. મા આ બાળકો પર ખૂબ પ્રેમથી વરસીને ઉજવી રહ્યાં છે. સારું ય વિશ્વ ૨૧ મી સદીમાં જુદા જુદા ક્ષેત્રે શોધો કરવામાં માનવની વધુ સુખાકારી માટે પ્રયત્નો કરનાર છે. મંગળ, ગુરુ કે આગળના ગ્રહો સુધી પહોંચનાર છે અને માનવીને ત્યાં રહેવા અને જવાની સગવડો ઊભી કરનાર છે.

પણ આ મા! સખી તો પળે પળે જાણે સદીઓ બદલ્યા કરે છે. જાણે નવી પળ, નવા આનંદ ઉલ્લાસ સાથે બાળકોમાં પ્રગટ થાય છે. જે કાર્ય પર શાસન કરે છે, જે સમય અને સ્થળની અધિષ્ઠાત્રીદેવી ભગવતી છે તે ત્યાંના બાળકોને નવાં નવાં કાર્યો કરાવવાં રાત દિવસ તલસી રહ્યાં છે.

આ ફૂલવાડીનાં આ ફૂલો કોઇ કવિ, કોઇ ડોક્ટર, કોઇ લેખક,



કોઇ વૈજ્ઞાનિક, કોઇ ઇતિહાસકાર, કોઇ સાચો દેશસેવક બની માનું નામ રોશન કરશે. ૨૧ મી સદીને ભારતવર્ષને પૂ. માએ ધરેલી આ ઉત્તમ ભેટ હશે. મા આ કાર્ય કરી બાળકમાં પ્રબળપણે દેશપ્રેમનું સિંચન કરી રહ્યાં છે. જે બીજ ફૂલીફાલીને વિશાળ વટવૃક્ષ બનશે કે વાડી આખીના આવા સુગંધિત ફૂલો દેશ વિદેશમાં વિચરતાં હશે ત્યારે પૂ. મા પરમ ધન્યતાની લાગણીથી ભર્યા ભર્યા બની પોતાના દરેક ફૂલને અમીદૃષ્ટિથી નિહાળતાં હશે. પરમ સંતોષ પૂ. માના હૈયામાં વ્યાપશે કે બાળકોએ સાચા અર્થમાં વિશ્વમાં મારું નામ ઉજાળ્યું.

શિબિર શબ્દ સૂચવે છે. તમે જ્યાં પૂર્ણ શિસ્ત અને ગમ્મત સાથે શારીરિક, માનસિક અને આત્મિક વિકાસ માટેના પ્રયત્નો કરવામાં આવે તે વિશેષ સ્થળ. આ રીતે સંપૂર્ણ રીતે બાળકોનો વિકાસ થાય તેવા સતત પ્રયત્ન કરવામાં આવે છે. શિસ્ત પણ જળવાય તે માટે બાળકોને પ્રણામ, ધૂન વગેરે કરાવવામાં આવે છે. આનંદ, ગમ્મત અને શારીરિક વિકાસ માટે પણ પૂ. માએ બાળકોના હીંચકા, લપસણી, ચકડોળ વગેરે નાંખી બગીચો તૈયાર કરાવ્યો છે. કસરત પણ ૐ માની ધૂન કરતાં કરતાં કરાવવામાં આવે છે. એટલે જપ થાય. આત્મિક વિકાસ સહજ રીતે થાય. આમ આ શિબિરનું અર્થઘટન પણ બરાબર સાર્થક થાય છે.

આ કાર્યક્રમ ઉનાળું વેકેશન દરમ્યાન હોવાથી વધુ બાળકો પૂ. માનાં દર્શન અને સાન્નિધ્ય સુખ માણી આનંદ વિભોર બની નવું જીવનભાથું બાંધે તેમ જણાય છે. પૂ. માની સૂઝ અને દૂરંદેશીપણું એ કેટલી તીવ્ર માત્રામાં છે કે ગુજરાતમાં ઉનાળામાં ખૂબ ગરમી પડતી હોય છે અને હિલ સ્ટેશનો આર્થિક રીતે મોંઘા પડે. જેને અનુકૂળતા હોય તે ત્યાં જતા હોય છે. ત્યાં તેમને ફરવાનો

સામાન્ય આનંદ આવે છે પણ પૂજ્ય મા સખીના સાન્નિધ્યે અંબાજી જેવું તીર્થસ્વાન, સ્વર્ગારોહણતીર્થ જે હિલ સ્ટેશન છે. અહીં દિવ્ય સુખ, આનંદ, ઉલ્લાસ તથા બાળકોને પોતાની રીતે સ્વતંત્રતા પણ મળી રહે છે.

આ ફૂલવાડી માની સુંદર અને મધુર વાડી છે. બાળક પોતે આત્મિક રીતે જ સૌંદર્યનો જામ હોય છે. તે જામ છલકાઇ છલકાઇને જાણે સૌંદર્ય, માધુર્ય અને પ્રેમની નદીઓ સ્વર્ગારોહણમાં વહી રહી છે. કોઇ નદી શાંત વહે છે. કોઇ આપણા દેશની બ્રહ્મપુત્રાની જેમ ઉછાળા મારતી, કૂદતી અને છલકાતી વહે છે. કોઇ નદી ગંગાની જેમ તો કોઇ યમુનાની જેમ પણ વહી રહી છે. જાણે નદીઓથી જ સ્વર્ગારોહણ ભર્યું છે. જે વડીલો છે, વૃદ્ધો છે તેઓ પણ આ નદીઓમાં સ્નાન કરી આનંદવિભોર બની માની ફૂલવાડીને નિહાળી રહ્યાં છે. પૂ. માની લીલાને બરપેટ માણી રહ્યા છે. ક્યાંય દુઃખ કે અભાવ નથી. આવા સુંદર ભૂલકાઓનો મેળો ભરાયો છે. ગામડામાં જુદા જુદા મેળાઓ ભરાય તેમ અનોખો મેળો બસ ભૂલકાઓથી સભર થયો છે. આ નામ સંપૂર્ણ રીતે કેવું મનહર ચિત્તને આકર્ષી લે છે.

### ફૂલો ખીલ્યાં પ્રેમનાં—મા કેરી ફૂલવાડીમાં

મધુર સખી સાહેલી મા, નાનાં નાનાં ભૂલકાઓની આ શિબિર અનેક રીતે સુંદર હતી. જેમાં ૩ વર્ષથી ૨૦ વર્ષના બાળકોએ સુંદર કાર્ય કર્યું. શિબિરમાં જ જાણે અનોખો રસ ઉત્સાહ, પ્રેમ, જાગૃતિ, નિર્ભયતા દાખવીને પોતાની અભિવ્યક્તિ કરી શક્યા. આ ફૂલવાડી પ્રભુની ઇચ્છા અને માની કાર્યશક્તિનો સુમેળ હતો. બાળ-ભૂલકાં માનાં ખૂબ પ્યારા થયાં અને મા પણ જાણે સૌનાં



રોમરોમમાં વ્યાપી જઇ, કેટલું અદ્ભુત દૃશ્ય આપતાં. જોતાં આંખડી ધરાતી જ નહીં મારું તન, મન અને રોમરોમ જાણે એ દૃશ્ય નિહાળી નિહાળી આનંદ, ઉલ્લાસ અને સુખના પૂર્ણરૂપના પ્રેમસાગરમાં ઉછાળા મારી રહ્યું હતું. અંતર તો જાણે ઇચ્છતું કે હું પણ ઉંમરમાં આવડી નાની બાળકી હોત તો સક્રિય રીતે તેમાં ઓતપ્રોત થઇ શકત અને માડીના પ્રેમમાં નાહી નાહીને ધન્ય બનત. આ અનુપમ સૌંદર્ય સૃષ્ટિમાં બાળકોમાં ભર્યું ભર્યું પડયું છે તેને યોગ્ય રીતે માર્ગદર્શન અને પ્રેરણાના પિયૂષ પાન કરાવી એક અદ્વિતીય મહાસાગર રેલાવી દીધો. મારી વ્હાલી, અતિ પ્યારી સખીએ તો જાણે એવી વાતો તન, મન, ધન અને અંતર બધું જ બાળવિકાસમાં વાપરી દીધું.

માડી જાણે આ વાપરતા ધરાઇ નહીં અને બાળકો લૂંટતા ધરાયા નહીં. દરેકે દરેક બાળક અવર્ણનીય રીતે દીપી ઊઠતું હતું. ચાંદા, સૂરજ, તારા અને પ્રભુની સૌંદર્યની અવધિ આ માનાં અથાક પ્રયત્નોમાં દૃષ્ટિગોચર થતી હતી. આ બાળકોનો સર્વાંગીણ વિકાસ સહેજેય ભેદભાવ વગર સખીએ કર્યો છે.

સૃષ્ટિના સામાન્ય માતાપિતા ગમે તેટલો પ્રયત્ન કરે, પૈસા વાપરે તોય થવો અસંભવ છે તે વિકાસ માએ રમતરમતમાં કરી દેખાડયો છે. બાળકોને તેનો સહેજેય ભાર લાગવા દીધો નથી. તારી આ પળપળની થતી લીલાનું જ પરિણામ છે. તારી નખશિખ લીલા અદ્ભુત છે. રમતગમત કરાવી, પ્રસાદ આપી, પ્રેમ આપી સૌ ભૂલકાંના ફૂલ સદાબહાર ખીલવી દીધાં છે. વૃક્ષ ઉપરના ફૂલ તો એક કે બે દિવસમાં કરમાઇ જાય પણ આ ફૂલો તો જન્માંતરો સુધી સારીય સૃષ્ટિમાં પોતાની સુગંધ રેલાવતાં વિચરી રહેશે અને માના આ પ્રયત્નોના ગુણગાન કહી ધરાશે જ નહીં. સહજ રીતે

તેમનો અંતરાત્મા પુલકિત બની ઝુમી રહ્યો છે. ભૂલકાઓના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક એમ વિવિધ ક્ષેત્રોમાં વિકાસ થયો જ છે. આ શિબિર જેવી શિબિરો વારંવાર થયા કરે તો ભારત માતાનું નામ આજે બદનામ થઇ રહ્યું છે તે ના થાય અને ભારતમાતા વિશ્વમાં પોતાનું મસ્તક ઊંચું કરી ગૌરવભેર રહી શકે અને કહી શકે. જુઓ મારી ધરતીના આ ભૂલકાઓ કેવા વિકાસના ઉચ્ચતમ ક્ષેત્રોમાં આગળને આગળ વધી રહ્યાં છે. લાગતું હતું કે કોઈ ઋષિમુનિઓના આશ્રમમાં બાળકોને કેળવીને મધુરતાનો, મંગલતાના પરમ શિખરે પહોંચાડવામાં આવી રહ્યા છે. આ બાળકો જ્યારે મોટા થશે ત્યારે તેમના સુંદર કાર્યોથી પ્રભુ પણ ખરેખર ગૌરવ અનુભવશે.

માનું આજ તો સુંદર યુગકાર્ય છે. પ્રભુએ જેટલી અપેક્ષા રાખી છે તેથી પણ ક્યાંય આગળને આગળ માનુ આ યુગકાર્ય બાળશિબિરમાં પ્રદર્શિત થઇ રહ્યું છે. બાળકોના સમગ્ર કાર્ય જોવા-નો લાગ ના મળ્યો છતાં બાળકોના જે ભાવપ્રેમ અને સુંદર મધુર આનંદ હૈયાના ધડકને ધડકને વ્યક્ત થતો તો જરૂર જોવા મળ્યો જ છે. શિબિર બાળકોની હતી પણ વડીલો પણ ઘણું ઘણું શીખી શકે. જો તેઓ શીખવા અને જીવનમાં ઊતારવા માંગે તો. એક માતાપિતા પણ પોતાના બાળકો પ્રત્યે સરખો પ્રેમભાવ પ્રગટાવી નથી શકતા, જ્યારે તું આટલા બાળકોને સતત પ્રેમભાવમાં તબોળ કરતી જ રહી. બાળકો નાના હોવા છતાં જે ઉત્સાહ ઉમંગથી પ્રતિભાવો આ શિબિરમાં વ્યક્ત કર્યા તેના વખાણ કયા શબ્દોમાં કરું? શબ્દો પણ શોધ્યા જડે તેમ નથી. ભાષા અટકી જાય છે. એ પ્રતિભાવો પ્રગટ કરવા પણ કેટલી હિંમત જોઇએ. આટલા બધાની વચ્ચે બોલવું એ જેવી તેવી વાત તો ના જ ગણાય. તારી કેવી



કૃપા આ બાળકો ઉપર વરસી અને બાળકોએ પણ સાચા પ્રેમ-ભાવથી સાચા અંતઃકરણથી તેને ઝીલી લીધી અને તેનો પ્રચંડ પ્રતિઘોષ પ્રગટ કરી દીધો. મનોવૈજ્ઞાનિકો પણ જે કાર્ય કરવા માંગે તે કાર્ય અબજો વર્ષો વહી જાય તોય ધૂળની રજકણ કે જલબિંદુ-ના નાના કણ જેટલુંય કરી ના શકે તે કાર્ય કેવું સહજતાથી તેં પ્રત્યક્ષ કરીને બતાવ્યું છે.

વિશ્વભરના પ્રકાંડ વિદ્વાનો, શિક્ષકો, કેળવણીકારો અરે ખુદ દેવો પણ ના જ કરી શકે તેવું જબરજસ્ત કાર્ય ક્ષણમાત્રમાં આંખના પલકારામાં પ્રત્યક્ષ કરી બતાવ્યું. આ તારી કેવી લીલા અને લીલાનો પ્રકાર છે! તે વિચારવા બેસું તો મારું મગજ પણ બહેર મારી જાય એમ છે. આવી પ્રચંડ બુદ્ધિ ક્યાં બ્રહ્માંડમાં વેચાતી મળવાની છે એ તો તું બ્રહ્માંડની અધિષ્ઠાત્રી છે તો જરૂર જાણે. બાળમાનસની પૂરી અભ્યાસી હોય એવું તેં સાબિત કરી જ દીધું છે. કોણ કહી શકે તારા આ યુગકાર્યના પ્રગટ પ્રભાવને. સરસ્વતી માતા નિરંતર સૃષ્ટિના આરંભથી અંત સુધી લખ્યા કરે, ગણપતિજી, વ્યાસજેવા મોટા મહર્ષિ પણ તારા આ કાર્યનું વર્ણન કરવા બેસે તોય જરૂરથી થાકી જાય, હારી જાય. તો પછી મારી શું વિસાત હોય. હું તો અલ્પબુદ્ધિ તારા મહાન કાર્યને કેમ ઓળખી શકું? જાણી શકું? તારી કૃપા જ તારા કાર્યને જાણવાની અને સમજવાની શક્તિ પ્રદાન કરે છે. બાળકોનો જે ભાવ જોયો તેવો ભાવ સારીય સૃષ્ટિમાં શોધવા નીકળું તોય શોધી ના શકું. અરે નારદજી પણ જે જ્યાં વિચરણ કરવું હોય ત્યાં કરી શકે પણ શોધી શકે તેમ નથી. એટલો ભાવ તેં બાળકોના રોમરોમમાં કેટલી સહે-લાઇથી પ્રગટાવી દીધો છે.

દેવો, ઋષિઓ, ભક્તો, મુનિઓ, યક્ષો, ગંધર્વો, કિન્નરો ખુદ પ્રભુ પણ વિચારતા હશે કે મા જે જગદંબા છે તેણે આ કાર્ય કર્યું તે જોવાને સહભાગી થવાને અમારું સદ્‌ભાગ્ય નથી. તેઓ જરૂર જરૂરથી આ તારી ફૂલવાડીના ફૂલ બનવા અધીરા થઇ રહ્યા છે અને આ મૃત્યુલોકમાં તારી પાસે બાળક બની આવવા ઇચ્છી રહ્યા છે. તો મારા જેવી તુચ્છ છોકરી ફૂલવાડીનું ફૂલ બનવા ઇચ્છા કરે એમાં છોકરીનો શું વાંક? સાચું જ કહેજે સખી મારી, બાળકો જે નાચતાકૂદતા, ધૂન, ભજન, કરતા અને સૌને તેમાં તરબોળ કરતા એ દૃશ્ય જન્માંતરોમાં પણ કેમ ભૂલી શકાય! જો ભૂલી જઇએ તો માનાં નગુણા બાળક જ ગણાઇએ. માના આ મહાન, અતિ-મહાન કાર્યને હું કયા શબ્દોમાં ઉતારી શકું કે પ્રતિભાવ વ્યક્ત કરી શકું! નાટકો થતાં, નૃત્ય થતાં, તે દરેક કાર્યમાં મા મા જ ગુંજી ઊઠતું હતું. આ બાળકો ઘેર જશે અને સમાજમાં ઊભા રહેશે ત્યારે જ તારા કાર્યની મહાનતાને સમાજ અલ્પ પણ સમજી શકશે. મહાન કાર્ય જે હોય તે કદી ભૂંસાતું નથી જ. તે તો પાંગરે છે, અને ખીલે છે. બાળકોના આ ગુણોનો વિકાસ અધ્યાત્મના પરમ શિખરે પહોંચી જ ગયો. ભૂખ, તરસ, ઊંઘ જે બાળકો અને સૌ માટે સામાન્ય છે તેવા બધાને તેઓ તારા અનન્ય પ્રેમવર્ષાને કારણે જીતી શક્યા છે. સુંદર પ્રકાશમાન બન્યાં છે. તેજસ્વી તારલિયાની જેમ ચમકી રહ્યાં છે.

તારા બાળકોમાં જુદા જુદા ગુણોનો વિકાસ થયો અને બાળકો સ્થિતપ્રજ્ઞ બન્યાં, ભક્ત બન્યાં, ગુણાતીત બન્યાં, દેહાતીત બન્યાં, આત્મસ્થ બન્યાં, પ્રેમભાવનો વરસાદ વરસાવનાર મેઘ બન્યાં, દેવો, ઋષિઓ બન્યાં, રાજામહારાજઓ પ્રેમમાં અજોડ રીતે બન્યાં. સંયમી બન્યાં. આ બધું કોના પ્રતાપે થયું? બસ એક



તારા જ પ્રતાપે જ થયું છે. રોજ રોજ બાળકો માના અસીમ પ્રેમમાં સ્નાન કરતાં જ રહ્યાં છે. જેની પાસે જે હોય તે જ આપી શકે એવો બ્રહ્માંડનો નિયમ છે. પણ તારી પાસે તો બધું જ છે એટલે જ તું બધું તારા ભૂલકાઓ માટે ખુલ્લેઆમ રેલાવી રહી છે. તો બાળકોએ તે બધું સુંદર રીતે આત્મસાત કરી જ લીધું છે. તારો પ્રભાવ એટલો ઊંચી કક્ષાનો છે એટલે આ શક્ય બન્યું છે. તોફાનીમાં તોફાની બાળક પણ માનું નામ સાંભળી માનાંદર્શન કરી ડાહ્યું, ડમરું બની જાય છે. બાળકની માતા બાળકને ડાહ્યું બનાવવા ખૂબ ખૂબ પ્રયત્નો કરે તોય માતાનું કહ્યું સાંભળતું નથી હોતું. એ તારા એક ઇશારે પલકારે તારું કહેવું માનવા તૈયાર થઇ જતાં જોયા. કેવું રોચક! મન અંતરને પ્રફુલ્લતાના સાગરમાં આખેઆખું ભીંજવી દેતું હતું. આવી શિબિરો જ્યારે પણ થાય ત્યારે એમાં આવી શકું એ જ પ્રાર્થના શ્રી ચરણોમાં ખૂબ ખૂબ પ્રેમપૂર્વક કર્યા કરું છું.

દરેકે દરેક બાળક કૃષ્ણનું નાનું સ્વરૂપ લાલા જેવું અદ્‌ભુત બનાવી દીધું. માડી તેં તો કૃષ્ણ ભગવાન અત્યારે પ્રગટ થાય અને જો તારા ભૂલકાઓને જુએ તો ભગવાન કૃષ્ણ પણ વિચારતા થઇ જાય કે આ મૃત્યુલોકમાં મારા આટલાં બધાં પ્રગટ સ્વરૂપ ક્યાંથી ઉદ્‌ભવી ગયાં. જરૂર ભગવાન પણ ભૂલાવામાં પડી જાય. તેમાં બે મત છે જ નહીં. તો સામાન્ય માનવનું તારી અપરંપાર લીલાને ઓળખવાનું શું ગજુ હોય! ના જ હોય ને. માનવી ભલે અહંકારમાં ઉન્મત થઇને ફર્યા કરતો હોય કે બાળકોના ઉછેરમાં અમે પારંગત થઇ ગયા તો આ વાતમાં મનુષ્ય ખાંડ ખાય છે. એ તારા પ્રેમસાગરમાં સ્નાન કરેલા બાળકોને પળવાર પણ નિહાળે તોય તેઓના અભિમાન અને અહંકાર ભાંગીને ચૂરેચૂરા થઇ જાય અને સૌએ કાનબુટ્ટી પકડીને કબૂલ કરવું જ પડે કે માનાં આ

કાર્ય આગળ તો અમારું કશું ગજુ નથી. એવો વિકાસ થયો છે જે માતાપિતાના બાળકો તારા સ્નેહમાં નાહ્યાં તે તો જરૂરથી ધન્ય બન્યાં, પ્રેમપ્લાવિત બન્યા. પણ તેથી અદકા ધન્ય તો તેમના માતાપિતા બન્યા ગણાય. કારણ કે તેઓ આ રીતે પોતાના બાળકોને ન જ કેળવી શકત.

કેવા અદ્દ્ભુત ખીલ્યાં માનાં આ ભૂલકાઓ
સુંદર સૃષ્ટિના સુંદર પુષ્પો બન્યાં માનાં આ ભૂલકાઓ
તારલીયાની જેમ ચમક્યાં માનાં આ ભૂલકાઓ
ચાંદાની ચાંદની રેલાવી માનાં આ ભૂલકાએ
સૂરજની તેજસ્વીતા પ્રગટી માનાં આ ભૂલકાઓમાં
દેવોનું દૈવત પાંગર્યું માનાં આ ભૂલકાઓમાં
મધુની મધુરપ પ્રગટી માનાં આ ભૂલકાઓમાં
સાકરની મીઠાશ લાગી માનાં આ ભૂલકાઓમાં
ફૂલની સુવાસ રેલાઇ માનાં આ ભૂલકાઓમાં
નદીઓની મીઠાશ રેલાઇ માનાં આ ભૂલકાઓમાં
મેઘની મેઘગર્જના સંભળાણી માનાં આ ભૂલકાઓમાં
વીજળીના ચમકારા પ્રગટયા માનાં આ ભૂલકાઓમાં
વૃક્ષોના પરોપકાર ઊગ્યા માનાં આ ભૂલકાઓમાં
પહાડની અડીખમતા પાંગરી માનાં આ ભૂલકાઓમાં
પ્રભુની સૃષ્ટિ મહેકાણી માનાં આ ભૂલકાઓમાં
બ્રહ્માની રચના પ્રગટાવી માનાં આ ભૂલકાઓમાં
વિષ્ણુનું પાલનહારનું કાર્ય દીપાવ્યું આ ભૂલકાએ
શિવશંકરની કલ્યાણ ભાવના પ્રગટી માનાં ભૂલકાઓમાં
ગાવડી વાછરુંનો પ્રેમ પ્રગટયો માનાં ભૂલકાઓમાં
સૌંદર્યનું સર્જન થયું માનાં ભૂલકાઓમાં



હિંમત સાહસના ગુણ ખીલ્યા માનાં ભૂલકાઓમાં
સાત્ત્વિક બની ગુણાતીત થયા આ ભૂલકાઓ
કુબેરના જેવા ગુણભંડાર બન્યા આ ભૂલકાઓ
ધ્રુવ પ્રહ્લાદ જેવી ભક્તિ પ્રગટી આ ભૂલકાઓમાં
ઋષિમુનિઓના તપ તપ્યા આ ભૂલકાઓ.

ગુણ કાળા મારે કેવા હો માવડી
ખીલી પ્રસન્ન બનેલ બાળના
નથી શબ્દ કોઇ મળતો મુજને
પ્રેમના સાગરમાં નાહ્યા બાલુડાજી.

રોમ રોમ મારું હરખાય જો તો ભૂલકાજી
હર્ષમાં હૈયું રોમાંચિત થાતું.
બાળભૂલકાઓ જોઇ જોઇ મારું
માડીના આ યુગકાર્યને સમજુ ના હું રે જરી.
બીજા રે કાર્યો કર્યાના હોય તોય
અમર બની ગાયુ આ કાર્ય
પ્રેમ કહાનીનું અદ્દ્ભુત કામ રે.

# શ્રમયજ્ઞ–૧

નારાયણ હ. જાની

## રેતી વહેવાનો

અંબાજી શ્રમયજ્ઞ ૧૪–૪–૨૦૦૦

આજે પ્રણામ અને પ્રાર્થના પછી વિષ્ણુસહસ્રના પાઠનું સૂચન પૂ. માએ કરેલું. પરંતુ સવારે નવની બેઠક શરૂ થઇ ને પૂ. માએ પૂછ્યું "આ સ્થાન કોને કોને ગમે છે? લગભગ બેઠકમાં ઉપસ્થિત ૭૦ જેટલાં ભાઇબહેનોએ હાથ ઊંચા કર્યાં. પૂ. માએ પોતાનો હાથ પણ ઊંચો કર્યો. પૂ. માનું તો પોતાનું સ્થાન છે એટલે ગમે જ ને! પૂ. મા આ સ્થાન પ્રત્યેનો પ્રતિભાવ પ્રદર્શિત કરતાં જ રહે છે. પછી કોને શ્રમયજ્ઞ કરવો છે પૂછ્યું. બધાએ સંમતિ દર્શાવી હા કહી એટલે પૂ. માએ લખ્યું, આજે અત્યારે વિષ્ણુસહસ્રના પાઠને બદલે બહાર જે રેતીનો ખટારો ઠલવાયેલો છે તે રેતીને કુટિયા પાસે વહી જવાની છે. જે પોતાને માંદા કે વૃદ્ધ ને અશક્ત માનતાં હોય, તેમને આમાંથી મુક્તિ છે. તેઓ આ હોલમાં બેસી પોતાના પાઠ કે જપ કરી શકે છે.

આમ કહી પૂ. મા હોલની બહાર ચાલ્યાં ને તેઓની પાછળ બધાં જ સાધક ભાઇબહેનો ચાલવા માંડયાં. એ વખતનો પૂ. માનો જુસ્સો અપૂર્વ હતો. દૃશ્ય એવું લાગતું હતું કે જાણે કોઇ સેનાપતિ પોતાના લશ્કરને મોખરે રહી, સારી સેનાને આત્મગૌરવથી દોરી ન રહ્યો હોય! આ દુબળી પાતળી કાયામાં કેવું ખમીર ભર્યું છે તેનું દર્શન તો સાધકોને પૂ. માએ આ કાર્યમાં



પોતાનું પ્રદાન જે ઉત્સાહ અને પ્રસન્નતાપૂર્વક આપ્યું ત્યારે થયું.

પ્રારંભમાં સાધકોએ સીમેન્ટની ખાલી થેલીઓ લીધી ને તેમાં કેટલાક સાધકો પાવડાથી રેતી ભરીને આપવા માંડયા. પૂ. માએ આવી ભરેલી થેલી પોતાને ખભે મૂકીને ચાલવા માંડયું. એ ચાલ ખૂબ ઝડપી ને ઉત્સાહપૂર્ણ હતી. તે સૌ જોઇ રહ્યા. દંગ પણ થઇ ગયા! પૂ. મા આ શું કરી રહ્યાં છે! જાણે પોતાનું જગદંબા સ્વરૂપ એક બાજુ ઉતારી દઇને જાણે પોતે સર્વ સાધારણ એક સાધક હોય તે રીતે બધાંની સાથે ભળી ગયાં. આમાં અહંનો તો અંશ કે મહાનતાનો ભાવ તો ક્યાંય શોધ્યો જડે એમ ન હતો. પૂ. માની આશ્રમલીલા–ભગવાન કૃષ્ણની બાળસખાઓ સાથેની દિવ્ય લીલા કરતાં સહેજ પણ ઉતરતી ન હતી.

પછી તો સાધકો પણ પોતપોતાના ખભે રેતીની થેલીઓ ભરીને ચાલવા માંડયા. સહુને હતું કે રખે હું પાછળ રહી જાઉં. એટલે તો સુરતની સાધિકા પ્રભાબેન પણ આ રેતીની થેલીઓ ખાલી કરવાની સેવામાં લાગી ગયાં તો શાન્તિભાઇ કનેરિયાની પત્ની શ્રી લાભુબેન પોતાનો ફાળો આપવામાં પાછાં શું કામ રહે! અરે મારા જેવા એંશી વરસના પણ એમાં જોડાઇ ગયાં.

પૂ. માને પ્રસિદ્ધિ ના ગમે. સહજતા જતી રહેતી હોય તેવી પ્રવૃત્તિ ના ગમે. એટલે ફોટોગ્રાફર ભાઇ શ્રી ચંદ્રકાન્ત પટેલ કેમેરા લઇને પૂ. માનો ફોટો લેવા દોડાદોડ કરે, પણ પૂ. માનું તે તરફ લક્ષ જ નહિ.

આ રેતી જ્યાં ખાલી કરેલી ત્યાંથી ત્યાંથી ૨૦૦ ફૂટ દૂર આ ઊંચકીને લઇ જવાની હતી. પૂ. માએ સૌથી ડબલ કરતાં પણ વધારે ફેરા કર્યાં. સવારે સાડા નવ પછીનો આ સમય હતો. ગરમી

પણ ઠીક ઠીક હતી. તેમાં વજન ઊંચકીને જવાનું શરીરના કૌવતની ત્યાં કસોટી થઇ જાય તેવું કામ પૂ. મા હંમેશા પડકારરૂપ કામો ઉપાડી લઇ, તે પૂર્ણ કરી બતાવવામાં માને, પછી એ કામ વજન ઉપાડવાનું હોય ચાલવાનું કે ચઢવાનું હોય, પાણી કે અન્ન છોડવાનું. તેમના પ્રખર સંકલ્પ બળ આગળ સહુ ઝૂકી જાય.

અહીં પણ એવું જ થયું. પૂ. મા ઝડપથી ચાલી પોતાની રેતીની થેલી ખાલી કરી, લાઇનમાં ઊભા રહ્યા સિવાઇ, બીજાઓ કરતા વહેલી થેલી ઉપાડી લેતાં અને જો કોઇએ પૂ. માની થેલીમાં થોડી રેતી ઓછી ભરી હોય તો પૂ. મા તેમાં બીજાઓમાં થેલી જેટલી જ રેતી ભરાવીને લઇ જતાં. આમ બધા જ સાધકોના પ્રમાણમાં પૂ. માએ જે કામ કર્યું તે બમણાથી પણ વધારે હતું. પૂ. માને મન આ પણ ગુરુભક્તિનું જ કામ હતું અને પૂ. માનો એ સ્વભાવ કે ગુરુભક્તિના કામમાં કદી પાછળ ન રહેવું.

બીજાઓમાં કેટલાક તો યુવાન હતા. સારી એવી શારીરિક ક્ષમતા ને શક્તિ ધરાવતા હતા. છતાં પરિણામમાં પૂ. મા તેઓના કરતાં ઘણાં આગળ નીકળી ગયાં!

પછી તો સાધક ભાઇબહેનોની હાર ગોઠવાઇ ગઇ અને એક બીજાને અને બીજો ત્રીજાને આ રેતીની થેલીઓ અંબાવતા જાય—એવો ક્રમ ગોઠવાયો. તો પૂ. મા તેમાં પણ વચ્ચે ઊભાં રહી ગયાં ને પોતાનું શ્રમનું પ્રદાન બીજા સાધકોની જેમ આપતાં રહ્યાં. બહારના અજાણ્યા માણસને કલ્પના પણ ના આવે કે જે માને હજારો લોકો જગદંબાભાવે વંદન કરે છે તેઓ આમ આ એક સામાન્ય મજૂરનું કામ કરી રહ્યાં છે!

આ શ્રમયજ્ઞ ૯–૫ થી ૧૦–૧૦ સુધી ચાલ્યો ને એક આખા



ખટારાની રેતી—ઊંચકાઇને કુટિયા પાસે ઠલવાઇ ગઇ! કેટલાંય મજૂરોનો શ્રમ આમ બચાવાયો. દરેક સાધકને લાગ્યું કે સ્વર્ગા-રોહણના આ નવા બાંધકામમાં એનું પોતાનું પ્રદાન ભગવાન રામ-ના સેતુબંધમાં પેલી ખીસ્કોલીના પ્રદાન જેટલું તો જરૂરથી રહ્યું.

વળી પૂ. માનો કરુણાસભર સ્વભાવ અમોને આ શ્રમયજ્ઞમાં બીજાઓની જેમ કામ કરતા જોઇ દ્રવી ગયો અને તેઓ અમારી પાસે આવી ગયાં ને હાથ પકડી લાઇનમાંથી અમને બહાર કાઢી નાંખ્યા! પૂ. માનો એ સમયનો વાત્સલ્યમય ભાવ ને સ્પર્શ જાણે અમારા શ્રમયજ્ઞના પુરસ્કારરૂપ મળ્યો. એ વિચારે અમારું અંતર ધન્યતા અનુભવી રહ્યું. હે મા, તમે શારીરિક શ્રમ ઊઠાવવામાં કેટલા કઠોર છો તો દિલનાં કેટલાં બધાં કોમળ/

આ શારીરિક શ્રમથી બધા થોડા જ ટેવાયેલા હોય! એથી તાપ અને શ્રમથી સહુ પસીનાથી ભીંજાઇ ગયા. કેટલાક શ્રમયજ્ઞ પૂરો થતાં કુલરનું પાણી પીવા દોડયા, પણ ઓ પ્રભુ! આજે તો પૂ. માને નિર્જળા છે! પૂ. માના શરીરને શ્રમ અને ગરમીથી કેવું કષ્ટ થયું હશે! એની જાણ તો છેક બપોરે ચાર વાગે પૂ. મા બેઠકમાં આવ્યાં ત્યારે થઇ.

મા પોતાના હાથથી ભીના કપડાંનાં પોતાં કોણી નીચેના હાથો ઉપર મૂકતા રહે છે. સહેજ તડકો અડતાં બળતરા શરૂ થઇ જાય છે. માથે પણ ભીનો ટુવાલ છે. પૂ. માનું આ એક વરવું રૂપ છે. પૂ. માના બંને હાથ કોણી પાસેથી સૂઝી ગયેલા અને ત્યાંની ચામડી દાઝીને કાળી થઇ ગયેલી. લોહીનાં ચકામાં—ચાઠાં થઇ ગયેલાં. છતાં મનની પ્રસન્નતા એવી જ. રમૂજ પણ પૂ. મા એવી જ કરે.

રાજકોટથી ઠાકુરના ભક્ત ને ગાયક શ્રી જીતુભાઇ આવ્યા છે. તેઓએ સરસ ધૂનો ગવડાવી. પૂ. મા પણ એ સાંભળીને પ્રસન્ન થયાં ને લખ્યું ૧૦૦ માંથી ૭૫ માર્ક. અમને થયું માએ ૧૦૦ માર્ક શું કામ ના આપ્યા. એટલે અમે કહ્યું "હે મા, ૧૦૦ માર્ક શું કામ નહિ?

તો પૂ. માએ તુરત લખ્યું ૧૨ કલાકની ધૂન એક સાથે કરે તો ૧૦૦ માર્ક મળે.

વાહ મા વાહ! આપની દૃષ્ટિ કેટલી બધી સૂક્ષ્મ છતાં સર્વગ્રાહી છે. ક્યાંય વધારે પડતું વરસી ન જવાય તેનું પણ ધ્યાન રાખે. ભૌતિક વસ્તુઓ આપવામાં અતિ ઉદાર. આમ કદીક યોગ્ય રીતે કંજૂસ પણ થઇ જાય. છતાં એમાંથી તો સાધકનું ભલું જ થાય. ખોટા ફૂલાઇ ન જવાય.

* * *

## શ્રમયજ્ઞ–બીજો–રેતી પાથરવાનો–(૨)

રાજીવ જાની

પૂ. શ્રી મા આજે જે શ્રમયજ્ઞ કરવાનો છે તેના વિશે કહેતાં (લખીને) નાના બાળકો સામે જુએ છે. [આજે રેતી પાથરવાની છે એક મોટા ઢગલામાંથી લઇ લઇને જ્યાં હીંચકા, લપસણી, ચકરડી વિગેરે ગોઠવાયું છે તે નાનકડા મેદાનમાં.] પૂ. મા કહે છે જે હીંચકા ખાય તે રેતી પાથરે. એટલે કે શ્રમયજ્ઞ કરે. તો જય, તારક, વેદ, ધ્રુવ, તેજલ ને બીજા બાળકો બોલી ઊઠે છે હા મા. તારક તો એટલો ઉત્સુક ને ઉત્સાહી કે જાણે આખો ઢગલો રેતીનો તેજ ખાલી કરી પાથરી દેશે. તારકને પૂ. શ્રી મા ખૂબ ગમે છે. બધા જ બાળકોને પૂ. મા ખૂબ જ ખૂબ વહાલાં છે. પૂ. શ્રી



માનું વ્યક્તિત્વ જ એટલું સરળ ને સાલસ છે કે તે બાળકોમાં અંતરથી અને વ્યવહારથી ઓતપ્રોત થઇ જાય છે. બાળકોના જબરજસ્ત ઉત્સાહનું મુખ્ય કેન્દ્રબિન્દુ પૂ. શ્રી મા છે. પૂ. શ્રી મા પણ બાળકથી ય નાના બની તેમની સાથે આનંદકિલ્લોલ કરે છે. પૂ. શ્રી મા કેટલા બધા સહજ બની જાય છે! પોતાની મહાનતાનો જરાસરખો પણ ભાર નહીં. દરેક નાના–મોટા સાધક આ યજ્ઞ-કાર્યમાં (શ્રમયજ્ઞ) જોડાય છે. પૂ. માનો આનંદ ને ઉત્સાહ અનેરો છે. તેઓ દરેકની સાથોસાથ ખંત ને અવિરત વહેતા પ્રેમ સાથે રેતી ઉપાડવાનું, ભરવાનું ને પાથરવાનું કાર્ય કરે છે. પૂ. શ્રી માને ઓળખવાં ખૂબ અઘરાં છે. તેમનું વિરલ વ્યક્તિત્વ અસામાન્ય છતાં સામાન્ય બની 'ૐ મા', 'જય મા', 'જય કૃપાળુ માનાં નાદે દોડી દોડી સેવાયજ્ઞમાં જોતરાયું છે. પૂ. શ્રી મા બાળકો વચ્ચે ખડખડાટ હસે છે. પૂ. શ્રી માનો આ મુક્તવિહાર છતાં સમૂહ-વિહાર લીલાદર્શન અતિદુર્લભ છે. દેવદુર્લભ છે. તેમની જ અસીમ કૃપાથી મને પણ આ સાકાર લીલાદર્શન(ઈશ્વર)ના આનંદને હું માણી શક્યો. મેળવી શક્યો. હે કૃપાળુ મા તમને મારા અનંત પ્રણામ.

પૂ. શ્રી મા હારોહાર, ભારોભાર શ્રમયજ્ઞમાં પોતાની સેવા આપે છે. જ્યારે કે તેઓને પગે હમણાં જ વાગવાને કારણે ઈજા થયેલી છે. અકસ્માતવાળા શ્રી ચરણો છે. બંને હાથમાં સનસ્ટોક લાગવાને કારણે....તોય બધું તેમનાથી ભુલાઇ જાય ને પૂ. શ્રી મા–પ્રભુના આ સ્વર્ગારોહણમાં પોતાનો પ્રાણ પૂરી રહ્યાં છે.

રેતી વ્યવસ્થિત બધે પથરાઇ જાય છે. (બાળકોને આ રમત-ગમતના સાધનો વાપરતાં પગમાં કાંકરા ન વાગે તેથી કરીને પૂ.

શ્રી મા રેતી પથરાવે છે. કેટલું ધ્યાન રાખે છે પૂ. શ્રી મા. નાના બાળકો હોય કે મોટેરાં હોય કે પછી મજૂરો હોય, બધાંનું એક સરખા પ્રેમ ને કાળજીથી જતન કરે છે. તેથી જ તેઓ મહાન આધ્યાત્મિક યુગમાતા–વિશ્વમાતા કહેવાય છે.

રેતી તૈયાર થતાં હીંચકા છોડવામાં આવે છે. બાળકો બહુ જ જીદે ચડી પૂ. શ્રી માને અતિઆગ્રહ કરે છે કે મા હીંચકાપર તમે જ પહેલાં બેસો. પણ પૂ. શ્રી મા માનતાં નથી. તેઓ બાળકોના નિર્દોષ પ્રેમ ને આગ્રહ પર મીઠુ મધુર હાસ્ય વેરતાં ઊભાં છે. બાળકો માને આગ્રહ કરવાનું ચાલુ જ રાખે છે તો પૂ. મા કહે છે. તમે જો રોજ એક માળા સવારે કરી પછી જ પાણી પીવાના હોવ તો જ હું બેસું. બધા બાળકો પોતાની સંમત્તિ આપે છે.

## શ્રમયજ્ઞ–ત્રીજો–यज्ञानाम् श्रम यज्ञोऽसि

જ્યોત્સ્ના ત્રિવેદી

સ્વર્ગારોહણ યોગેશ્વર પરિવારના તીર્થોનો તાજ જ્યાં દેવ-મંદિરના દેવ સદેહે દેહમંદિરમાં વિરાજી રહ્યા છે. આ તીર્થભૂમિ શ્રી શ્રી માના આ વખતના સ્વદેશ નિવાસની અને લીલાવિહારની ધન્યતા પામી છે. શ્રી મા જ્યાં વિરાજતાં હોય ત્યાં તેની નિત્ય નવીન લીલા અને ઓચ્છવ ઉજવાતા જ હોય. બસ, આપણે તો રંગ સરોવરમાં સ્નાન કરી માત્ર ભીના જ ભીના રહેવાનું હોય, એ ઊભરાતા રસોને ઝીલવાના હોય. તેને વાગોળવાના હોય અને સાધનારૂપે સ્મરવાના હોય છે.

પ્રાતઃ મંગલા દર્શનથી શયન દર્શન સુધી વિધવિધ દર્શનો આપતું આપણું આ પવિત્ર પુણ્ય તીર્થધામ ધર્મ, જ્ઞાન, કર્મ અને ભક્તિની સમન્વય ભૂમિ પણ છે. આશ્રમના પાઠ શીખવતી આ કાર્યશાળા વ્યક્તિગત ઘડતરનું એક ઉત્તમ તાલિમ કેન્દ્ર છે. આપણે શાંતિનિકેતનમાં ભણ્યા નથી, પણ સ્વર્ગારોહણ રહીને આપણને તેની કલ્પના સાકાર સ્વરૂપે પામવા મળે છે.



અહીં સંગીત, નૃત્ય કલા, (ચિત્રકલા) સાહિત્ય, નાટ્યકલા જેનામાં જે કંઇ શ્રેષ્ઠ છે તેને માત્ર અંકુરિત થવાનો જ નહીં પણ પૂરેપૂરો ફૂલવા ફાલવાનો અને તેને ઉત્તમોત્તમ થઇ સફળતાના સુવર્ણ શિખરો સર કરવાનો પૂરેપૂરો અવકાશ છે.

શિસ્ત અને સંયમ અહીં સંપૂર્ણપણે પાળવા પડે છે. પણ છતાં સ્વતંત્રતાનો ક્યાંય લોપ નથી. સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચે પાતળી મર્યાદા રેખા અહીં ભૂસાતી નથી, એ એની એક અનોખી સિદ્ધિ છે. પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે શ્રી માનું સાન્નિધ્ય એ જ આ આશ્રમ જીવનનું ઉત્તમોત્તમ ફળ છે.

શ્રી માના શ્રમયજ્ઞ માળાનો આ ત્રીજો મણકો છે. ભગવાને શ્રીમદ્‌ભગવદ્‌ ગીતામાં ભલે કહ્યું **"यज्ञानाम् जप यज्ञोऽस्मि।"** પણ પૂ. મા એક નવું સૂત્ર ચરિતાર્થ કરે છે. **"यज्ञानाम् श्रम यज्ञोऽस्मि।"** જેનામાં બધાં જ શાસ્રો ચરિતાર્થ થયાં છે, તે નવાં શાસ્રો નિર્માણ પણ કરે છે.

આજે યોગ્ય માર્ગદર્શન વિના આમતેમ અથડાતી આ દેશની પ્રજાને આવા માર્ગદર્શકો ઠેર ઠેર મળે તો તેની પૂર્વકથિત ગરિમા આપણી માતૃભૂમિ હાથવેંતમાં પ્રાપ્ત કરી લે. કામની મહત્તા અને શ્રમનું ઉચિત ગૌરવ કરનાર માને લાખ લાખ વંદન.

## શ્રમયજ્ઞ–પથ્થરો ઊંચકવાનો

આજે સત્સંગની ધૂન પછી શ્રી મા પૂ. શાંતિભાઇને પૂછે છે. આજે કંઇ કામ છે? આ પૂર્વે શ્રી મા અહીં બે શ્રમયજ્ઞો કરી ચૂક્યાં

છે. સહુ સમજી જાય છે. શ્રી શાંતિભાઈ થોડા પથ્થરોને મેદાનમાંથી જે દિવાલ પાસે છે, તે દિવાલ બહાર કાઢી નાંખવાના છે તેની વાત કરે છે. બે વિકલ્પો છે. બીજે દિવસે વહેલી સવારે અથવા આજે રાત્રે, પણ આજે રાત્રિનો વિકલ્પ જ શ્રી માને પસંદ પડે છે. શ્રી માની આબાલ વૃદ્ધ સેના એના કદમ તાલથી જાણે પહોંચી જાય છે. શ્રમયજ્ઞનો આરંભ થાય છે.

પથ્થરોને ખોદવાનું કામ યુવાનો કરે છે. બ્હેનોભાઈઓ બધા જ ખૂબ ઉત્સાહપૂર્વક આ પરિશ્રમમાં જોડાયા છે એના નાયક શ્રી મા હજી પેલા કાનુડાની જેમ માખણ ચોરવાની લીલા ભૂલ્યાં નથી. ક્યાંક નવરો પડેલો પાવડો કે ત્રિકમ શ્રી ના કરકમળમાં આવે તો તેની પણ તે તક ઝડપી લે છે.

એ પથ્થરોને જતાં જતાં શ્રી દર્શનનો લાભ અને સ્પર્શ મળે છે. આમાં માને પોતાના પ્રત્યેનો પક્ષપાત કઠોર લાગે છે. દોડતાં, તગારાં ઊંચકાતાં, તગારું હાથમાં ન આવે તો સીમેન્ટની ગુણોમાં પથરા ભરતાં સહુ સાથે ખભેખભો મિલાવી કામ કરી રહ્યાં છે. ક્યારેક અહીં સૂચના આપે છે, ક્યારેક ત્યાં ખૂબ અદ્દ્ભુત દૃશ્ય છે. દોડતા ખિલખિલાટ હસતાં, મસ્તી કરતાં, બાળ સર્વ સ્વરૂપોનું દર્શન થાય છે. મસ્તી જાણે હેલે ચઢી છે. પૂ. માના અંગમાંથી ઉભરાતી મસ્તી જાણે છોળો મારી રહી છે. એ મસ્તીનો મહેરામણ વાચાથી નહીં, પણ અંગ પ્રત્યંગમાંથી ઘૂઘવી રહ્યો છે. વ્હાલરૂપે સહુને ભીંજવી રહ્યો છે. આ દર્શન અદ્દ્ભુત અને વિરલ છે. અધીર નયનો ને બધીર પ્રાણને પરિતૃપ્તિ આપનારું આ દૃશ્ય છે. નયનો પાસે શબ્દો નથી. વાણી પાસે દર્શન નથી. એટલે એ શી રીતે કહી શકે તેણે શું મેળવ્યું? જીભને તેની મર્યાદા છે.



આપણે જાણીએ છીએ કે કેટલીક વાર ફોન પણ શ્રી માને વજનદાર લાગે કે કોઈ ભારે પુસ્તક પણ, શ્રી મા આટલું વજન શી રીતે ઊંચકી શકે! ક્યારેક થોડું દોડવાનું પણ ભારે પડે, તે માતા શું ઉછાળા મારી મારી દોડતાં હતાં બાપરે! **क्या कहना।** માની જે અદાઓ પર વારી જવાય તેવી બધી જ સમગ્રતાનું દર્શન આજે મળ્યું છે.

આ દર્શનનો સ્થૂળ લ્હાવો અનેરો હતો પણ તેની પાછળનો સૂક્ષ્મ હેતુ આપણને શું ખબર પડે! આપણા સર્વેના ભાગ્યમાં આ પરિશ્રમ હશે જ પણ એ આપણે બીજે ક્યાંય ન કરતાં શ્રી માની હાજરીમાં અને આપણી પુણ્ય ભૂમિમાં જ કરવ મળ્યો. આપણા કયા ઋણાનુબંધ શ્રી મા ફેડે છે. આપણને શું ખબર પડે!

શ્રમયજ્ઞનું મહેનતાણું ન આપે તો મા શાનાં! શ્રી મા એ સહુને આઈસ્ક્રીમનો પ્રસાદ આપ્યો તેના યજમાન શ્રી કલ્યાણ બને છે. પરિશ્રમનો પ્રસ્વેદ શ્રી માના પ્રેમની મીઠાશથી ક્યાંય બાષ્પીભૂત થઈ જાય છે. સહુ મસ્ત બાવા જેવા બન્યા છે. શ્રી પ્રેમની ભભૂતિએ સહુને વશ કરી લીધા છે. આમે લોકો મજાકમાં કહેતા હોય છે માએ તમને કર્યું છે શું? બધા દોડયા જાવ છો. અહીં આવી આ ભભૂતિ એકવાર પામો તો તેમને ખબર પડે કે આ શિવે આ જીવને કેવા રંગ્યા છે?

### શ્રમ સ્વાધ્યાયની ચતુર્થ કડી

સત્સંગની બેઠક પૂરી થતાં શ્રી મા આદેશ આપે છે. બાળકોને તાલસે શુરૂ. સ્વર્ગારોહણના બગીચામાં નાંખવામાં આવેલા રમતના સાધનોની નીચે રેતી પાથરવામાં આવે છે. તગારાં, પાવડા, ઈંટો, રેતી બધું હવે નિત્ય રમકડાં બની ગયાં છે. શ્રી માની

રાહબરી નીચે સહુ કામે લાગી જાય છે. ટ્રકભરેલી રેતી એક કલાક કરતા પણ ઓછા સમયમાં બગીચામાં પથરાઇ જાય છે!

'ૐ મા' 'જય કૃપાળુ મા'ના જયઘોષથી ચાલતો શ્રમયજ્ઞ સહુ સાધકોમાં એક અનેરું જોમ પૂરે છે. પાવડા અને તગારા ન મળતાં શ્રી મા પોતાના કરકમળોનો ઉપયોગ કરે છે. હાથ જ પાવડો, હાથ જ તગારાં. નાનામોટા સહુ ભાન ભૂલી ગયા છે. આજે પણ બાળકો તારક, નિલય અને હાજર રહેલા સહુ એક અદ્‌ભુત મસ્તીમાં આવી ગયાં છે.

મંત્રગાનથી અભિમંત્રિત અને બાવનીઓથી પરિપ્લાવિત આ સ્વર્ગારોહણની ધરા જાણે હેલે ચડી છે. સહુ એક અદ્‌ભુત મસ્તીમાં ઘેલા બન્યા છે. આ જીવ અને શિવ લીલા ગોકુલ વૃંદાવનની લીલાઓને ક્યાંય પાછળ પાડી દે તેવી લાગે છે. આજનો શ્રમયજ્ઞ પણ પૂર્વના ત્રણ શ્રમયજ્ઞોની જેમ એક આનંદનો અસીમ સાગર લઇને આવ્યો છે. સહુ તેમાં તરબોળ થઇ ગયાં છે.

આજના પરિશ્રમનું મહેનતાણું હીંચકાની મોજ છે. આજે શ્રી માને બાળકો ચગડોળ પર બેસાડી ફેરવે છે. શ્રી મા એક જ શરતે હીંચકે બેસવા તૈયાર થાય છે. દરેક બાળક માળા પહેલી કરે પછી પાણી પણ પીએ. અને તેના રીહર્ષલરૂપે શ્રી મા એ જ સમયે તેઓને નાની માળાનું મંત્રગાન કરાવે છે. પછી એ ગબ્બર નિવાસીની અને સ્વર્ગારોહણવાસીની મા ભક્તોના હૃદયોમાં ઝૂલતી મા હીંચકે બેસવાનો આચાર કરે છે. બાળકો અને મોટા સહુ તાનમાં આવી જાય છે. સહુ ખૂબ ખુશ થાય છે. આજે બાળકો મા પાસે અને મા બાળકો પાસે પોતાનું પરસ્પર ધારેલું કરાવી રહ્યા છે. શ્રી શ્રી માના નાના મોટા દરેક તે પાંચ પાંચ વાર



ઝૂલા પર બેસાડે છે. તેના કાર્ય પાછળ માનું આધ્યાત્મિક દૃષ્ટિબિંદુ કાર્ય કરી જ રહ્યું છે. કંઇ પણ કાર્ય કરો પણ ભજો, ભજોને ભજો અને તેનો ભાર રાખ્યા સિવાય સહજ રીતે તમે પ્રભુના થાવ અને પ્રભુને તમારા બનાવી લો.

આજનું દર્શન શ્રી માના સ્મરણનું છે. ભક્તો શ્રમયજ્ઞના લેખનમાં, એના ચિંતનમનનમાં ડૂબ્યા છે, હે મા, તું તારા અભિનવ દૃષ્ટિબિંદુથી અમજીવનને શણગારજે અને અમારા જીવનમાં પણ તે ઉતરે તેની કૃપા કરજે.

શાસ્ત્રોના રૂપમાં, સંતોના સ્વરૂપમાં અને સદુપદેશોના રૂપમાં ભગવાનની વેણુ તો આજેય વાગી રહી છે. પરંતુ ગોપીઓની પેઠે એને સાંભળનારા કેટલા! યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨

# સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ

યોગેશ્વરજી

(પૂ. યોગેશ્વરજીએ ભારતીય દર્શનશાસ્ત્રના ૧૦૦ જેટલા પુસ્તકો લખ્યાં. પ્રત્યેક પુસ્તકમાં સાધકરૂપી જીવની મથામણોનો જવાબ શિવ એટલે કે પ્રભુ યોગેશ્વરજીએ આપેલ છે. કેટલાક પુસ્તકો તો પ્રશ્નોત્તરીરૂપે પ્રકાશિત થયાં છે. આ પુસ્તકોમાંથી સંકલન કરીને આધ્યાત્મિક માર્ગે આગળ ધપનારા માટે પ્રશ્નોત્તરીરૂપે 'સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ'ની લેખમાળામાં કંઈક ને કંઈક અમૃત પીરસવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

સંકલન : ડો. બી. જે. જાગાણી)

**પ્રશ્ન :** આત્મા છે તો પછી દેખાતો કેમ નથી?

**ઉત્તર :** હવામાં સેંકડો જંતુ છે. પણ તે તમને દેખાય છે? પણ જો સૂક્ષ્મદર્શક યંત્રથી જુઓ તો દેખાય એમ વિજ્ઞાનશાસ્ત્રીઓનું કહેવું છે. કેમ કે આ જંતુ ઘણા સૂક્ષ્મ છે. તેવી જ રીતે આત્મા અત્યંત સૂક્ષ્મ છે. તેને જોવા માટે વૃત્તિની સૂક્ષ્મતાની જરૂર છે. યોગી કે જ્ઞાની કહે છે કે આવી સૂક્ષ્મવૃત્તિ સમાધિ દરમ્યાન થઈ શકે છે. જેનું હૃદય ખૂબ શુદ્ધ થઈ ગયું હોય તેને જ સમાધિ થઈ શકે છે. ને તેવા જ પુરુષો સમાધિદશામાં પરમાત્મતત્ત્વને જોઈ શકે છે. શંકરાચાર્ય વિવેકચૂડામણી નામના ગ્રંથમાં આ જ વાત કહે છે. ને ગીતા પણ કહે છે કે મૂઢ માણસો આ આત્માને જોઈ શકતા નથી. પણ જેમના જ્ઞાનચક્ષુ ઊઘડી ગયાં હોય તે જ માણસો પ્રયત્ન કરતાં કરતાં શરીરની અંદર રહેલા આત્માને જોઈ શકે છે.



**એક જિજ્ઞાસુ :** માનવ, દેવ ને પરમેશ્વર પણ શું છે તે કહેવા કૃપા કરશો?

**ઉત્તર :** આ વસ્તુ વિશે એક જુદી જ દૃષ્ટિથી આપણે વિચારીએ છીએ. આ દુનિયામાં જેટલાં માણસો છે તેમાંથી માણસ કહી શકાય તેટલા બહુ જ ઓછા છે : એટલે કે માણસાઈના ગુણ તેમનામાં ભાગ્યે જ દેખાય છે. જેનામાં માણસાઈ નથી, તે બહારના રૂપરંગથી કાંઈ માણસ કહી શકાય નહીં. જ્યારે માણસમાં પશુના કરતાં કાંઈ વિશેષતા નથી રહેતી, ત્યારે તેને માનવપશુ કહેવો જોઈએ. તમે વિચાર કરસો તો જણાશે કે ખાવું, પીવું, ઊંઘવું, ભય તેમ જ મૈથુન એટલે ભોગની લાગણીઓથી પરવશ બનવું. આ બધું માનવ તેમ જ પશુઓમાં સરખું છે. માણસમાં જ્યારે આના કરતાં કોઈ વિશેષ વિકાસ જોવા મળે ત્યારે જ તે પશુ કરતાં આગળ વધ્યો ગણાય છે. આજે વધારે ભાગના માણસોમાં આ જ પ્રવૃત્તિઓનું પ્રાધાન્ય છે, એટલે ગમે તે રીતે આજીવિકા મેળવવી, સ્ત્રી ને ભોગ્ય પદાર્થોમાં લિપ્સામાં રત રહેવું, એ માણસમાં દેખાય છે. ઉપરાંત માણસને ભય પણ ઘણો છે, પછી તે ભય ગમે તે પ્રકારનો હોય.

આ દશા છેક નીચી દશા છે. આથી આગળ વધીને માણસે માનવતા જગાડી માનવ બનવાનું છે. માનવતાનાં લક્ષણો કયા? સત્ય, દયા, સેવા, ક્ષમા, ન્યાય, પવિત્રતા, પ્રેમ, દાન, જ્ઞાન આ બધાં માનવતાનાં લક્ષણો છે. આ સદ્‌ગુણોને જીવનમાં ઉતારવાથી જ માણસ સાચા અર્થમાં માનવ બની સકે છે. તેમાંથી ઊલટા અવગુણોવાળો માણસ માણસાઈથી રહિત હોઈ રાક્ષસ કે પશુતુલ્ય જ છે.

આ ઉપરાંત માનવને બુદ્ધિ મળી છે. પોતાની વિવેકશક્તિદ્વારા સારાસારનો વિચાર કરીને માણસે સત્ય ને અસત્ય, ભલુ ને બૂરું તેમ જ ધર્મ ને અધર્મનો ભેદ શોધવાનો છે. સંસારના બધા જ પદાર્થ વિનાશી છે તો પછી અવિનાશી શું છે? વિવેકદ્વારા માણસ સમજે છે કે શરીરની અંદર રહેલું ચેતન શરીર પડયા છતાં કાયમ રહે છે, ને હું કહીને સંબોધાતી વસ્તુ તે ચેતન જ છે, નહીં કે કેવળ સ્થૂળ શરીર. આ ચેતનતત્ત્વ કે આત્માને મેળવવા માનવનું દિલ તલસે છે. જ્ઞાની તેને શરીરની અંદર જોઇ શકે છે, ને પ્રેમી કે ભક્ત શરીરની બહાર તે ઈશ્વરીતત્ત્વનો પરમેશ્વર રૂપે સાક્ષાત્કાર કરે છે. આટલું થાય એટલે માણસ દેવ બની જાય છે. એટલે કે આ જ શરીરમાં રહીને દેવતાતુલ્ય મહાન ને વંદનીય બની જાય છે.

આવો પુરુષ ઈશ્વરતુલ્ય બની જાય છે. એટલે કે ઈશ્વરની જેમ તે પણ સર્વસમર્થ, સર્વજ્ઞ ને સર્વવ્યાપક બની જાય છે. પોતાના આત્માને તે જગતમાં સર્વત્ર જુએ છે. માનવમાંથી આ રીતે પરમેશ્વર બની માણસ સંપૂર્ણ રીતે મુક્ત ને પૂર્ણ બને છે. માનવજીવનમાં આટલી બધી શક્યતા રહેલી છે. માટે શરૂઆતમાં સાચા માનવ બની આત્મોન્નતિને પંથે માણસે વળવું જોઇએ. કેવળ પશુ કે રાક્ષસ થઇને જીવવું ના જોઇએ.

**પ્રશ્ન** : 'જગદ્‌ગુરુ' વિશે કાંઇક કહેશો?

**ઉત્તર** : અત્યારે તો ગમે તેવા સાધુસંન્યાસી પોતાની ડીગ્રી તરીકે પોતાના નામની આગળ જગદ્‌ગુરુ શબ્દ મૂકી દે છે, ને પોતાને જગદ્‌ગુરુ તરીકે ઓળખાવે છે. આ એક અનિષ્ટ જ છે, ને સાધુસંતોને જરાય શોભા આપનારું નથી. શ્રી આદ્યશંકરાચાર્યને જગદ્‌ગુરુ કહેવામાં આવે છે. પણ તેમાં કારણ રહેલું છે. તેમના અમૂલ્ય તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો પૂર્વ ને પશ્ચિમની જનતાના દિલમાં ઘર કરી ગયા છે. આ રીતે વિચાર કે જ્ઞાનની દુનિયામાં તે ગુરુપદે વિરાજેલા છે એવી રીતે બુદ્ધ, ઈશુ, કૃષ્ણ, રામ ને મહમ્મદ કે જરથુસ્ત અને પ્લેટો કે સોક્રેટિસ જેવાના જીવનોપદેશ દુનિયાના લોકોને ભેદભાવની દીવાલોને તોડી નાંખીને પ્રેરણા આપે છે. તેથી તેમને જગદ્‌ગુરુ કહી શકાય. જગદ્‌ગુરુ શબ્દ આપણે ત્યાં આધ્યાત્મિક અર્થમાં જ વપરાયો છે એ ધ્યાનમાં રાખવાનું છે, માટે આધ્યાત્મિક વિભૂતિઓને માટે જ તેનો ઉપયોગ ખઇ સકે છે, આ વિભૂતિઓએ પોતાને માટે જગદ્‌ગુરુ-પદનો દાવો કર્યો નથી, પણ લોકોએ તેમની યોગ્યતા જોઇને તેમને જગદ્‌ગુરુ કહ્યા છે. રામકૃષ્ણદેવ, વિવેકાનંદને, રામતીર્થ, ગાંધીજી જેવા મહાન સંત–ઉપદેશકો સંબંધી પણ આવું છે. જ્યારે અત્યારે તો કેટલાક સંતસાધુઓ પોતાની મેળે જ પોતાને જગદ્‌-ગુરુ કહેવડાવે છે. જગદ્‌ગુરુ તરીકે જગતને શું સમગ્ર દેશને પણ તે કાંઇ પ્રેરણા કે સંદેશ દઇ શકતા નથી. આ એક વ્યામોહ જ છે. કોઇ પોતાને મહાત્મા કે જગદ્‌ગુરુ માને તેથી તે તેવો થઇ શકતો નથી. તેની ઇચ્છા હોવા છતાં બીજા જ તેના ગુણ જોઇ તેને મહાનતા આપવાની ચેષ્ટા કરે છે. સાચા મહાત્માએ ડીગ્રીનો મોહ છોડીને યોગ્યતા સંપાદન કરવાના મોહમાં પડવાની જરૂર છે. તેથી જગદ્‌ગુરુ તો શું ત્રિભુવનગુરુ થવાનું બળ આવશે. આ માટે સૌથી પહેલાં પોતાના શરીર ને મનરૂપી જગતના ગુરુ થવાની જરૂર છે.

(ક્રમશઃ)

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના

# પ્રાકટ્યદિનની ઉજવણી

તંત્રી

આગામી પંદરમી ઓગસ્ટ એ પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનો ૮૦ મો પ્રાકટયદિન છે. તેની ઉજવણી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી અંબાજી ખાતેના સ્વર્ગારોહણમાં રાખવામાં આવેલ છે. કાર્યક્રમ આખા દિવસનો રહેશે. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સ્વરૂપોની શાસ્ત્રોક્તવિધિથી પૂજા ઉપરાંત ભજન, ધૂન પૂ. શ્રીના પ્રવચનની કેસેટ તેમ જ પૂ. શ્રીના જીવનપ્રસંગોને આવરી લેતા વાર્તાલાપો પણ રાખવામાં આવેલ છે. ગુરુલીલામૃતનો પાઠ પણ કરવામાં આવશે.

આ પ્રસંગે સમગ્ર યોગેશ્વર પરિવારના સાધક ભાઈબહેનોને સમયસર પધારવા નિમંત્રણ છે. આગલા દિવસે સાંજે આવનાર સાધકો માટે વ્યવસ્થા પ્રબંધ રહેશે.



# નિશ્ચિંતતા

યોગેશ્વરજી

સંસારનાં સૌ સ્વજનો ને સ્નેહીઓને, મિત્રવર્ગને—સૌને પ્રાર્થના થઈ છે તેના પડઘા આ પદમાં પડે છે.

હિંમતથી, શ્રદ્ધાથી સંસારનો ત્યાગ કર્યો અને પ્રભુપંથે વળી જવાયું ત્યારે સ્વાભાવિક જ જેમને લાગણી, પ્રેમભાવ, લોહીની સગાઈ હતી તેઓ ચિંતા કરતાં જણાયાં ત્યારે તેમને એ ચિંતાનો જવાબ આ પદ દ્વારા અપાયો.

સૌના જીવનની ચિંતા કરનાર પ્રભુ બેઠો છે. સંસારી માનવની ચિંતા શા કામમાં આવે છે? સૌનું રક્ષણ પ્રભુ કરે જ છે.

ઘણાં માનવોને જીવનનો બહુમૂલ્ય સમય બીજાની ખોટી ચિંતામાં જ વીતી જાય છે. તે સમયે તેઓ પોતાના જીવનના કલ્યાણની જ ચિંતા કરી, પ્રભુમાર્ગે કંઈક પગલાં ભરે તો અંતે તેમનું જ કલ્યાણ થશે એ વાતની સમજ આ પદમાં આપી છે.

જે પ્રભુ માટે ફકીરી ધારણ કરે તેની ચિંતા, તેની સર્વ સંભાળ પ્રભુ જ રાખે છે. પ્રભુમાર્ગે જે જીવ જાય છે તેની જેને પણ ચિંતા થતી હોય તે સૌને ચિંતા છોડી પ્રભુનું ચિંતન કરવાનો અનુરોધ આ પદમાં કરવામાં આવ્યો છે.

મારી ચિંતા કોઈ કરશો નહીં.
આધિ વ્યાધિ અનેક ઉપાધિ,
જીવન સૌનું ગયું વહી. મારી૦

કાળ ઊભો છે સામે આવી,
પ્રભુ સ્મરણ તમે કરજો સહી. મારી૦

ચિંતા ચતુર્ભુજ કરે અમારી,
ભૂલશો ચિંતન તમે નહીં. મારી૦

ચિંતા કરજો તમે તમારી,
આતમના ઉદ્ધાર તણી. મારી૦

▭

સાચે જ જો સમતા દૃઢ થશે, તો પોતાનું નુકશાન થતું હોય તોપણ બીજાઓનું હિત જ કરાશે. અને તે સહજભાવથી બનશે. દીવાની જ્યોત સ્વયં સળગ્યા કરે છે અને બદલામાં લોકોને પ્રકાશ આપે છે. અગરબત્તી સ્વયં સળગતી રહે છે છતાં બધાને સુવાસ આપે છે, ચંદનનું લાકડું કપાયા પછી પણ બધાંને માટે સુગંધ પાથરે છે. ફળ આપતું વૃક્ષ પથ્થરનો ઘા સહીને પણ બદલામાં તો ફળ જ ધરે છે. અને આ બધું પાછું સહજતાથી થાય છે. સમતા જ્યારે સાહજિક બને છે ત્યારે સૌને માટે મંગલની સરવાણી ફૂટતી હોય છે.

— શ્રી સત્યનારાયણ ગોએન્કા.

▭



# રામકથા

(માર્ચ–૨૦૦૦ થી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'અયોધ્યા તો સૂની લાગશે કે નહિ પરંતુ અમારાં જીવન તો સૂનાં બની જ જશે.' સુગ્રીવે કહ્યું.

'રાજ્યને બદલે મને તમારાં ચરણોમાં આશ્રય આપ્યો હોત તો વધારે સારું હતું.' વિભીષણ બોલ્યો : 'એની કીમત મને વધારે લાગે છે. મંદોદરી લંકામાં લઈ જવા માટે એક વાર તો કોઈને આવવું જ પડશે. તે વખતે હું પણ સાથે આવીશ, એટલે તમારા સૌના દર્શનનો લાભ સહેજે મળી રહેશે.'

'મંદોદરી એટલી વહેલી નહિ આવે.' સીતા બોલી.

'છતાં પણ આવશે તો ખરી જ ને? એના વિના લંકા ઉજ્જડ તથા સ્મશાન સમી સૂની હશે. એ તો લંકાનો પ્રાણ ને શોભા છે.'

'લંકાની જ શા માટે, આખી અવનિની.'

'છતાંયે લંકાની તો ખરી જ. લંકાને એને માટે ગૌરવ છે.'

'એની ના અમારાથી થોડી જ પાડી શકાય તેમ છે?' રામ બોલી ઊઠ્યા.

પુષ્પક વિમાન વિદાય થયું.

એ અરસામાં રામના ખાસ સંદેશને માન આપીને એમને તથા સીતાને ને સૌને મળવા માટે અયોધ્યામાં આવેલા મહારાજા જનક પણ મિથિલા જવા વિદાય થયા.

જતાં જતાં એમણે સૌને આશીર્વાદ આપ્યા.

અયોધ્યાના નિવાસ દરમિયાન ઊર્મિલા તથા મંદોદરી વચ્ચેનો સ્નેહસંબંધ ઘણો જ ગાઢ બની ગયો.

ઊર્મિલાએ મંદોદરીને કહ્યું પણ ખરું : 'મને તારા પર આટલો બધો સ્નેહ કોણ જાણે કેમ થઇ રહ્યો છે!'

'તું સ્નેહની મૂર્તિ છે એટલે સ્નેહ ન થાય તો બીજું શું થાય?' 'તું લંકાનો ત્યાગ કરીને કાયમ માટે અહીં ન રહી શકે?'

'રહી શકું. પરંતુ લંકાનો ત્યાગ કેવી રીતે કરી શકાય? ત્યાં પણ જવું તો જોઇએ જ ને?'

દિવસો પછી વિભીષણના સેવકો પુષ્પક વિમાન લઇને એને લેવા આવ્યા.

વિભીષણ ઘણી યે ઇચ્છા હોવા છતાં અસ્વસ્થ પ્રકૃતિને લીધે ન આવી શક્યો.

મંદોદરી ઊર્મિલા તથા સીતાને ભેટીને અને રામ, લક્ષ્મણ તેમ જ મહર્ષિ વસિષ્ઠને ને કૌશલ્યાદિ માતાઓને પ્રણામ કરીને ચાલી નીકળી ત્યારે સીતા અને ઊર્મિલા બંને રડવા માંડી.

એ જોઇને મંદોદરીનો સંયમ પણ છૂટી ગયો. એ બોલી : 'બહેનની ખબર લેવા કોઇવાર સમય કાઢીને લંકા આવજો. તમને મળવા માટે મારું મન પ્રત્યેક પળે ઝંખ્યા કરતું હશે.'

'અમે પણ તને નહિ ભૂલી શકીએ. અવસર મળ્યે તું પણ આવતી રહેજે.'

લક્ષ્મણે કહ્યું : 'મારે વનમાં જવાનું થયું ત્યારે પણ ઊર્મિલા આટલું બધું નહોતી રડી. એને મંદોદરીને માટે કેટલો બધો અપાર પ્રેમ છે એની આના પરથી પ્રતીતિ થાય છે.'



'અને સીતા પણ એટલી જલદી ક્યાં આંસુ સારે એમ છે?' રામ બોલ્યા : 'અવસર એવો છે કે મારી આંખ પણ ભીની થઇ ગઇ છે. પ્રેમ અથવા લાગણીની અસર એવી ઉત્કટ હોય છે.'

સીતાએ કહ્યું : 'મંદોદરીને મારાથી બીજું શું આપી શકાવાનું હતું? મારી પાસે છે જ શું? માત્ર બેચાર અશ્રુબિંદુ અને એમાં નીતરતો પવિત્ર પ્રેમ. મારી કૃતજ્ઞતા બીજી કઇ રીતે બતાવી શકું?'

મંદોદરીએ કહ્યું : 'પાછી કૃતજ્ઞતાની વાત કાઢી? મને એ સાંભળવાનું નથી ગમતું.'

'છતાં પણ હું એને જીવનભર નહિ ભૂલી શકું.'

મંદોદરી આંખને લૂછીને વિમાનમાં બેસી ગઇ.

વિમાન ઊડયું પરંતુ એનું મન અયોધ્યામાં જ રમતું રહ્યું.

એ એક પ્રકારની ભાવસમાધિમાં લીન બન્યું.

**સીતાના ત્યાગનો સંકલ્પ**

અયોધ્યામાં પાછા આવ્યા પછી રામ અને સીતાનું જીવન સુખશાંતિ તથા સંવાદપૂર્વક ચાલવા માંડયું.

સરિતાનો સુધામય પાવન પ્રવાહ જેવી સરળતા, શુચિતા અને પ્રસન્નતાપૂર્વક વહી જાય તેવી સરળતા, શુચિતા અને પ્રસન્નતાથી યુક્ત બનીને એમનો જીવનપ્રવાહ વહેતો રહ્યો.

પરંતુ એ અનુરાગમય, અનુકૂળ, જીવનપ્રવાહમાં એકાએક એક આપત્તિ અથવા પ્રતિકૂળતા ઊભી થઇ.

પ્રજાજનોના એક વર્ગ તરફથી સીતાના ચારિત્ર્યની શુદ્ધિ સંબંધી શંકા થવા લાગી.

એ શંકા છેક જ નિરાધાર હતી તોપણ પ્રબળ બનતી ગઈ ને પ્રજામાં પ્રચલિત બનતી રહી.

લોકો કહેવા માંડયા કે સીતા રાવણને ત્યાં રહી આવી છે તોપણ રામે એનો ત્યાગ નથી કર્યો અને એને ઘરમાં રાખી છે એ શું બરાબર છે? પ્રજાના પાલક પોતે જ જો આવું અનુચિત કામ કરે તો પ્રજા પર એનો પ્રભાવ કેવી રીતે પડે? પ્રજા એમના વ્યવહાર પરથી આદર્શ જીવનની પ્રેરણા કેવી રીતે પ્રાપ્ત કરી શકે?

સીતાની અગ્નિપરીક્ષાની એમનામાંના કેટલાકને જાણ જ નહોતી અને જેમને જાણ હતી એ એની વાસ્તવિકતા તથા યથાર્થતામાં શંકા કરતા જુદી જુદી જાતની વાતો ફેલાવી રહેલા.

પ્રજાનો એ વર્ગ જો કે નાનો હતો, છતાં પણ હતો એમાં શંકા નહિ.

રામને પોતાના વિશ્વાસુ ગુપ્તચરો તથા બીજાં સાધનો મારફત એની માહિતી મળી ત્યારે એમનું દિલ જરાક દુઃખી થયું.

એમણે એક દિવસ પ્રસંગોપાત્ત સીતાને કહ્યું પણ ખરું : 'તારી અગ્નિપરીક્ષા લંકામાં થઈ એને બદલે અયોધ્યામાં થઈ હોત તો વધારે સારું હતું.'

'કેમ? તમને એવો વિચાર કેમ આવ્યો?'

'તને એવું નથી લાગતું કે અયોધ્યામાં તારી અગ્નિપરીક્ષા થઈ હોત તો તેને આખી પ્રજા જાણત? લંકામાં થયેલી અગ્નિ-પરીક્ષા તો થોડાક જ જોઈ શક્યા. બીજાને તો એમાં વિશ્વાસ જ નથી બેસતો. અગ્નિપરીક્ષાની ઘટનાને એ સાચી જ નથી માનતા, ને તારા ચારિત્ર્ય સંબંધી શંકા કરીને જુદી જુદી જાતની વાતો કર્યા કરે છે.' (ક્રમશઃ)

## * દ્વેષ છોડો–પશ્ચાત્તાપ કરો *

જે આપણી ઉપર દ્વેષ રાખે તેની ઉપર સામેથી દ્વેષ રાખવાથી ને તેને હાનિ પહોંચાડવાથી કશો હેતુ નથી સરતો. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે એવું સમજીને જે ભૂલ કરે છે તેને સુધરવા માટે તક આપવી જોઈએ. જીવન કોઈનું બગા-ડવા માટે નથી મળ્યું. સુધારવા મળ્યું છે. લડવા માટે નહીં, પ્રેમ કરવા, મિત્રતા વધારવા અને વિરોધ કે દ્વેષની દિવાલો તૈયાર કરીને જુદા પડવા તથા પાડવા માટે નહીં, પરંતુ સંપ અને સહયોગથી સંપન્ન બનીને એક થવા માટે મળેલું છે. કોઈના પર ઘા કરવા ને કોઈના ઘાને વધારવા નહીં, પરંતુ બની શકે તો એ ઘાને રૂઝવવા માટે પ્રાપ્ત થયું છે. જીવનનું પ્રમુખ પ્રેરક બળ ડંખ કે દુશ્મનાવટ નથી, પરંતુ પ્રેમ તથા મિત્રતા છે. બદલો નથી પણ ક્ષમા છે; ધિક્કાર નથી પણ સહાનુભૂતિ તથા સદ્ભાવ છે; અને અભિશાપ નથી, પરંતુ આશીર્વાદ છે. જીવનનો પ્રવાહ એવી રીતે જ સ્વસ્થતા તથા સંવાદિતાપૂર્વક ચાલ્યા કરે છે, ને જીવન નામને સાર્થક કરે છે.

પશ્ચાત્તાપની શક્તિ ઘણી મોટી છે. પશ્ચાત્તાપ વારંવાર કરવામાં આવે ને ભૂલનું પુનરાવર્તન પણ થતું રહે તો તે પશ્ચાત્તાપ ઉત્તમ કક્ષાનો ના કહી શકાય. પશ્ચાત્તાપથી માનવ પવિત્ર બને છે. જે પશ્ચાત્તાપ કરનાર, પોતાની ભૂલને પકડી પાડનાર ને સુધારવા પ્રવૃત્ત થનાર પ્રત્યે કરુણા નથી રાખી શકતો તે મહાન નથી, આદર્શ માનવ નથી, ને બીજાના જીવનવિકાસમાં મદદરૂપ નથી થઈ શકતો. જગત એવી કરુણા, મૈત્રી, સહાનુભૂતિ અને એથી પ્રેરાયેલી પ્રવૃત્તિથી અથવા થયેલી મદદથી જ ટકે છે. યોગેશ્વરજી

ADHYATMA * Regd.No.GBV 113 * R.N.I.No.71957/99

# * વિષયોથી અધઃપતન *

વિષયો પોતાના ભોગોપભોગથી માણસને માટે અધઃ-પતનનું કારણ બને છે, પરંતુ શ્રવણ, મનન, ચિંતન તથા દર્શનથી પણ વિઘાતક ઠરે છે. માટે એમનાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બને તેટલા દૂર રહેવું જોઈએ. આજના સિનેમાયુગમાં ભાતભાતના ભદ્દાં દૃશ્યો ને ગીતો યુવક યુવતીઓના કુમળા માનસપર કેવી ચિરસ્થાયી, વિપરીત અસર પહોંચાડે છે અને અનેકના જીવનમાં કેવી રીતે નૈતિક અધઃપતન નોતરે છે એ સહેજે સમજી શકાય તેવું છે. કેટલાક સ્ત્રીપુરુષો પોતાના બાળકોને પણ સિનેમામાં સાથે લઈ જાય છે. એવી રીતે એમની કેટલી બધી કુસેવા કરવામાં આવે છે એનો ખ્યાલ એમને નથી લાગતો.

સંગદોષમાં એવી અસાધારણ શક્તિ છે. એને લીધે સારા સારા સંસ્કારી પુરુષો પણ જીવનના મહામૂલા સંસ્કારધનને ખોઈ બેસે છે, ચંચળ બને છે, ને બૂરા માર્ગે વળે છે. સત્સંગ જેમ માનવનું કલ્યાણ કરે છે તેમ કુસંગ એનું અકલ્યાણ અથવા અધઃપતન નોતરે છે. અજામિલ બ્રાહ્મણ પુત્ર હતો પરંતુ વેશ્યાનો સંગ થવાથી એની બુદ્ધિ બગડી ગઈ, એની નિષ્ઠાના બધા જ પાયા હાલી ઊઠયા. એ કર્મધર્મને તિલાંજલિ આપીને ના કરવા-ના કુત્સિત કામ કરવા લાગ્યો.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. 1688 બી. સરદારનગર, ભાવનગર–1.